મેષ : અ. લ. ઈ.

ઘરની બહારની પ્રવૃત્તિઓ તમને લાભ કરાવશે. કિલ્લા જેવી જીવનશૈલી તથા હંમેશાં સુરક્ષાની ચિંતા કરવી એ બાબત તમારી માનસિક તથા શારીરિક વિકાસ પર અસર કરશે. આ બાબત તમને નર્વસ કરી મુકશે. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે.

વૃષભ : બ. વ. ઉ.

તમારી સૌથી મોટી મૂડી છે તમારી રમૂજવૃત્તિ, તમારી બીમારીને સાજી કરવા તેનો ઉપયોગ કરો. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે. તમારી પત્ની પરનો કામનો બોજ ઘટાડવા ઘરના કામકાજમાં તેની મદદ કરજો.

મિથુન : ક. છ. ઘ.

તમારી બીમારી તમારી નાખુશીનું કારણ હોઈ શકે છે. પરિવારની ખુશી પુનઃસ્થાપિત કરવા તમારે આમાંથી બને એટલા ઝડપથી બહાર આવવાની જરૂર છે. તમારા ખર્ચ પર અંકુશ લાવવાનો પ્રયાસ કરો-અને આજે જરૂરી હોય એવી ચીજો જ ખરીદજો.

કર્ક : ડ. ઢ.

ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગી સાબિત થશે. આ રાશિ ના એ લોકો જે વિદેશ થી વેપાર કરે છે તે લોકો ને ઘણું સારું આર્થિક લાભ થવા ની શક્યતા છે. દિવસના ઉત્તરાર્ધમાં તમને આરામ કરવાનું અને પરિવારના સભ્યો સાથે સમય વિતાવવાનું ગમશે.

સિંહ : મ. ટ.

લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. ધન તમારા માટે જરૂરી છે પરંતુ ધન ને લયીને એટલું ગંભીર પણ ના થયી જાઓ કે તે તમારા સંબંધો બગાડી દે. તમારા આશ્ચર્ય વચ્ચે તમારો ભાઈ તમારી મદદ આવશે.

કન્યા : પ. ઠ. ણ.

તમારો ગુસ્સો કોઈકને વધુ મુશ્કેલીમાં મુકી દેશે. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો. તમારા મિત્રો તથા પરિવારના સભ્યો સાથે એક સાંજનું આયોજન કરો. તમે તમારા પ્રિયપાત્રને મળશો તેનાથી તમારા મગજને રોમાન્સ ઘેરી વળશે.

તુલા : ર. ત.

મિત્રો સાથે સાંજ આહલાદક રહેશે પણ સાવચેત રહેજો, વધુ પડતું ખવાઈ જશે તો તમારી સવાર બગડશે. તમારા ખર્ચ પર અંકુશ લાવવાનો પ્રયાસ કરો-અને આજે જરૂરી હોય એવી ચીજો જ ખરીદજો. દૂરના સ્થળેથી કોઈ સંબંધી તમારો સંપર્ક કરી શકે છે.

વૃશ્ચિક : ન. ય.

ગરદન -કમરમાં સતત દુખાવાથી તમે પીડાવ એવી શક્યતા છે. જો આ દુખાવા સાથે તમે સામાન્ય નબળાઈ પણ અનુભવતા હો તો તેની અવગણના કરશો નહીં. આજે આરામ મહત્વનો પુરવાર થશે. ખાસ લાભદાયક દિવસ જણાતો નથી.

ધન : ભ. ધ. ફ. ઢ.

દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે। જે લોકો પોતાના નજીકીઓ અથવા સંબંધીઓ જોડે ભાગીદારી માં વેપાર કરી રહ્યા છે. તેમને આજે ઘણું સોચી અને વિચારી ને પગલાં લેવા ની જરૂર છે નહીંતર આર્થિક નુકસાન થયી શકે છે.

મકર : ખ. જ.

લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે. દિવસના ઉત્તરાર્ધમાં અણધાર્યા સારા સમાચાર ખુશી લાવશે.

કુંભ : ગ. સ. શ. ષ.

સતત હકારાત્મક રીતે વિચારવાનો તમારો ગુણ તમને વળતર અપાવશે. કેમ કે તમે તમારા પ્રયાસમાં સફળ થવાના છો. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે તેથી સાવચેતી થી ચાલો.

મીન : દ. ચ. ઝ. થ.

દરેકેદરેક જણને મદદ કરવાની તમારી તૈયારી તમને થકવી નાખશે. આજે તમારે ફિજૂલખર્ચી કરવાથી પોતાને રોકવું જોઈએ નહીંતર જરૂરત ની સમયે તમારી પાસે પૈસા ની અછત હોઈ શકે છે. પારિવારિક મેળાવડામાં તમે કેન્દ્રસ્થાને રહેશો. રોમેન્ટિક યાદો તમારા દિવસ પર કબજો જમાવશે.

દિવાળી

જરૂરિયાતમંદોના આંગણે ખુશીઓના દીપ પ્રગટાવ્યા : નખત્રાણા તાલુકા યુવા મોરચાની સેવાભાવી દિવાળી

| જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

દિવાળીના પર્વની સાચી ઉજવણી સમાજના છેવાડાના માનવીના ચહેરા પર સ્મિત લાવવામાં છે, તેવા સેવાભાવી અભિગમ સાથે નખત્રાણા તાલુકા યુવા મોરચા દ્વારા દર વર્ષની પરંપરા જાળવી રાખીને આ વર્ષે પણ સેવાવસ્તીમાં દિવાળીની ઉજવણી કરવામાં આવી હતી.આ પ્રસંગે સેવાવસ્તીના જરૂરિયાતમંદ પરિવારોને વસ્ત્રદાન, મીઠાઈ તથા ફટાકડાનું વિતરણ કરી તેમની સાથે દિવાળીની ખુશીઓ વહેંચવામાં આવી હતી. યુવા મોરચાના કાર્યકરોએ પરિવારો સાથે આત્મીયતાભર્યો સમય વિતાવી તેમના જીવનમાં આનંદના દીપ પ્રગટાવવાનો સુંદર પ્રયાસ કર્યો હતો.આ પ્રસંગે એડવોકેટ તથા સેવાકીય પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા શ્રી અશ્વિનભાઈ રાજગોરે જણાવ્યું હતું કે, દિવાળી માત્ર દીવડાં પ્રગટાવવાનો કે મીઠાઈ વહેંચવાનો તહેવાર નથી, પરંતુ સમાજના જરૂરિયાતમંદ પરિવારોના જીવનમાં ખુશીનો પ્રકાશ પાથરવાનો અવસર છે. તહેવારોની સાચી ખુશી ત્યારે જ સાર્થક બને છે, જ્યારે સમાજના ગરીબ અને વંચિત પરિવારો પણ તેમાં સહભાગી બને. યુવાનોમાં સેવાભાવના અને સામાજિક જવાબદારીની ભાવના વિકસે તે જરૂરી છે. નખત્રાણા તાલુકા યુવા મોરચા દ્વારા દર વર્ષે કરવામાં આવતો આ સેવાયજ્ઞ સરાહનીય છે અને આવી માનવતાભરી પ્રવૃત્તિઓ સતત ચાલતી રહે તેવી શુભેચ્છા પાઠવી હતી.'સેવા એ જ સાચો સંસ્કાર અને માનવતા એ જ સાચો ધર્મ'ના ભાવને ચરિતાર્થ કરતી આ પહેલ દ્વારા નખત્રાણા તાલુકા યુવા મોરચાએ સામાજિક જવાબદારી અને સેવાભાવનાનો સુંદર સંદેશ આપ્યો હતો.



દૈવી શક્તિપીઠ સમાન મંદિરોમાં દિવ્ય અને ભવ્ય માહોલ સર્જાશે

મંદિરોમાં બેસતું વર્ષ, લાભપાંચમ નાં દિવસે દિવ્ય અન્નકૂટ વિશેષ પૂજા-અર્ચનાઓ માટે શ્રદ્ધાળુઓ ઉમટી પડશે

(એજન્સી) ભાવનગર | તા.08

ભાવનગર જિલ્લામાં નવ દેવી મંદિરો શક્તિપીઠ તુલ્ય ગણવામાં આવે છે આ મંદિરોમાં દર વર્ષે બેસતાં વર્ષ સાથે જ એક માસ સુધી અલગ અલગ પ્રકારની ઉજવણીઓનો દૌર શરૂ થતો હોય છે ત્યારે આ વર્ષે પણ આ પરંપરાને અકબંધ જાળવી રાખવા માટે મંદિર સત્તાવાળાઓ તથા વિવિધ ટ્રસ્ટ દ્વારા ઉજવણીની તૈયારીઓને આખરીઓપ આપવામાં આવી રહ્યો છે.

ભાવનગર જિલ્લાના સિહોર તાલુકાનાં રાજપરા ગામે આવેલ જગવિખ્યાત રાજપરા ખોડિયાર મંદિર, શહેરની પૂર્વ દિશાએ આવેલ રૂવાપરી ધામ મહુવા તાલુકાના ભગુડાગામે માં મોગલ ધામ , ઉંચા કોટડા ગામે દરિયાકાંઠે ચામુંડા ધામ, મહુવા શહેર સમિપ દરિયા કિનારે પ્રખ્યાત ભવાની મંદિર, સિહોર ડુંગર પર બીરાજમાન સિહોરી માતાના મંદિરે તેમજ અન્ય નામી અનામી મંદિરો તથા શક્તિપીઠ સમાન ધામ, તથા ગુરૂ આશ્રમોમાં પ્રતિવર્ષ બેસતા વર્ષના દિવસે દિવ્ય અન્નકૂટ તથા મહાપૂજા ઓનું સુંદર આયોજન કરવામાં આવતું હોય છે ત્યારે આ વર્ષે પણ આ ધામક પરંપરાઓ અકબંધ રાખવા સમગ્ર કાર્યક્રમોની રૂપરેખા ઘડાઈ ચૂકી છે અને સમગ્ર આયોજનને લઈને તૈયારીઓને આખરીઓપ આપવામાં આવી રહ્યો છે અત્રે ઉલ્લેખનીય છે કે જિલ્લામાં આવેલ દેવી મંદિરોમાં નવ વર્ષથી સતત પંદર દિવસ સુધી લાખ્ખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શન-પૂજન માટે ઉમટી પડતાં હોય છે ત્યારે ભાવિક ભક્તોનાં ઘસારાને પહોંચી વળવા અને દર્શન,પૂજન તથા પ્રસાદ ઉતારા સહિતની વ્યવસ્થાઓ પણ ખૂબ મહેનત માંગી લેતી હોય છે લગભગ તમામ ધામક મંદિરોમાં ટ્રસ્ટ તથા સ્વયંસેવકો દ્વારા વ્યવસ્થાઓનો દૌર સંભાળવામાં આવતો હોય છે જિલ્લા પ્રશાસન તંત્ર દ્વારા પણ આવાં ઉત્સવોમાં નિયત નિયમો સાથે વ્યવસ્થા કરવામાં આવતી હોય છે ત્યારે જિલ્લાના તમામ નાનામોટા ધામક સ્થળોએ આવનાર મહોત્સવને સફળ બનાવવા દિવસરાત તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.



ક્રિકેટના મેદાને હિંગોરા સમાજનો ભવ્ય સંગમ! વિંઝાણમાં KHPL સીઝન-7નો શાનદાર પ્રારંભ

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

અખિલ કચ્છ હિંગોરા સમાજ દ્વારા આયોજિત કચ્છ હિંગોરા પ્રીમિયર લીગ (KHPL) સીઝન-7 નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનો વિંઝાણ ગામના વીર લાખાજી મેદાન ખાતે ભવ્ય પ્રારંભ થયો હતો. ઉદ્ઘાટન પ્રસંગે સમાજના આગેવાનો, દાતાશ્રીઓ, યુવાનો અને ક્રિકેટપ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે અખિલ કચ્છ હિંગોરા સમાજના પ્રમુખ હાજી યુનુસભાઈ હિંગોરાનું રજાક હિંગોરા દ્વારા સાલ ઓઢાડી ભાવભર્યું સન્માન કરવામાં આવ્યું હતું. સમાજના પ્રમુખનું આ સન્માન ઉપસ્થિત આગેવાનોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.ટુર્નામેન્ટનું મુખ્ય આકર્ષણ ફાઇનલ વિજેતા ટીમ માટે અબ્દુલકાદર હિંગોરા (ખીરસરા વિં.) તથા અબડાસા ભાજપ લઘુમતી મોરચાના પ્રમુખ હાજી જાકુબ હિંગોરા દ્વારા સ્પ્લેન્ડર હોન્ડા મોટરસાઈકલનું દાન છે. આ ઉપરાંત તમામ ટ્રોફીના દાતા નિવૃત્ત ફૌજી અલીમામદ હિંગોરા (વિંઝાણવાલા), બોલના દાતા ઈબ્રાહિમ હિંગોરા (ખીરસરા વિં.) તથા મેન ઓફ ધ મેચ ટી-શર્ટના દાતા ધ મોબાઈલ પોઈન્ટ, કોઠારાના માલિક રિયાઝ હિંગોરા (ધનાવાડા) રહ્યા છે.ટુર્નામેન્ટની પ્રથમ મેચ હિંગોરા એસોસિયેટ સાંધવ અને હિંગોરા બ્રધર્સ નાનાવાડા વચ્ચે રમાઈ હતી. જેમાં હિંગોરા બ્રધર્સ નાનાવાડાની ટીમે પ્રથમ બેટિંગ કરતાં 83 રન બનાવ્યા હતા. જવાબમાં હિંગોરા એસોસિયેટ સાંધવની ટીમ 70 રનમાં ઓલઆઉટ થતાં નાનાવાડાની ટીમે 13 રને વિજય મેળવ્યો હતો. ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ મુનીર હિંગોરા (ખીરસરા વિં.)ને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા હતા.

મનપામાં મોટો ઘટસ્ફોટ: ટેક્સ વિભાગમાં 1.5 લાખ મિલકત વેરાની રકમ 'નીલ' કરવાનું કૌભાંડ ઝડપાયું

જામનગર : મનપાના ટેક્સ વિભાગમાં 1.5 લાખ જેટલા મિલકત વેરાની રકમ ઓનલાઈન નીલ કરવાનું કૌભાંડ સામે આવ્યું છે. કમિશનર દીપેશ કેડિયાએ 5 આઉટસોર્સ અને 1 કરાર આધારિત કર્મચારીને છૂટા કરી કડક કાર્યવાહી હાથ ધરી છે.જામનગર મહાનગરપાલિકાના ટેક્સ વિભાગમાંથી એક અત્યંત ચોંકાવનારૂં અને મોટું આર્થિક કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે. મનપાના ટેક્સ વિભાગમાં કેટલાક મિલકત ધારકોની લેણાંની બાકી રકમ ઓનલાઈન સેટિંગ કરીને 'નીલ' (Zero) કરી દેવામાં આવી હોવાનું સામે આવ્યું છે. સત્તાવાળાઓની સમયસૂચકતાના કારણે ઓનલાઈન આશરે 1.5 લાખ જેટલા વેરાની રકમ ગાયબ કરી દેવાનું આ કૌભાંડ પકડાઈ ગયું હતું, જેને લઈને આખા તંત્રમાં હડકંપ મચી ગયો છે.આ ગંભીર કૌભાંડ સામે આવતા જ જામનગર મનપાના મ્યુનિસિપલ કમિશનર દીપેશ કેડિયા દ્વારા ત્વરિત અને દાખલારૂપ કડક કાર્યવાહી કરવામાં આવી છે. લાપરવાહી અને ભ્રષ્ટાચારને ડામવા માટે પ્રશાસન દ્વારા ત્વરિત પગલાં લેવામાં આવ્યા છે. પ્રાપ્ત વિગતો અનુસાર આ કેસમાં સંડોવાયેલા 5 આઉટસોર્સ કર્મચારીઓ અને 1 કરાર આધારિત (કોન્ટ્રાક્ટ) કર્મચારી ને તાત્કાલિક ધોરણે નોકરીમાંથી છૂટા કરી દેવામાં આવ્યા છે.માત્ર આઉટસોર્સ કર્મચારીઓ જ નહીં, પરંતુ આ કૌભાંડમાં સંડોવાયેલા અન્ય જવાબદારો પર પણ ગાજ વીજળી છે. મનપા દ્વારા 2 કાયમી કર્મચારીઓ સામે સઘન ખાતાકીય તપાસ (ડિપાર્ટમેન્ટલ ઈન્ક્વાયરી) શરૂ કરવામાં આવી છે.

વિથોણની દીકરી રિદ્ધિબેન નાયાણીની તાલુકા પંચાયતના દંડક તરીકે નિમણૂક

જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

વિથોણ ગામ માટે ગૌરવ અને આનંદના સમાચાર છે. વિથોણ શ્રી સત્યનારાયણ મંદિર પાટીદાર સમાજની દીકરી તથા નખત્રાણા તાલુકા પંચાયતનાં સદસ્ય કુ. રિદ્ધિબેન નાયાણીની તાલુકા પંચાયતના દંડક તરીકે નિમણૂક કરવામાં આવી છે. આ નિમણૂકથી વિથોણ ગામ સહિત પાટીદાર સમાજમાં ખુશીની લાગણી પ્રસરી છે.રિદ્ધિબેન નાયાણી તાલુકા પંચાયતના સદસ્ય તરીકે સતત પ્રજાલક્ષી કામગીરી કરી આમ જનતાના પ્રશ્નોને વાચા આપી તંત્ર સુધી પહોંચાડવા તેમજ પ્રશ્નોના નિરાકરણ માટે રજૂઆતો કરવા સક્રિય રહ્યાં છે. લોકહિતના પ્રશ્નો માટે સતત પ્રયત્નશીલ રહેતાં તેમની જાહેર જીવનની કામગીરીને આ નવી જવાબદારીથી વધુ એક ઓળખ મળી છે. દીકરીની આ સિદ્ધિથી ખુશી વ્યક્ત કરતાં તેમના પિતા શાંતિલાલ નાયાણીએ જણાવ્યું હતું કે, દીકરીને જનસેવા માટે વધુ એક જવાબદારી મળી છે તે સમગ્ર પરિવાર માટે ગૌરવ અને આનંદની ક્ષણ છે. લોકોના પ્રશ્નો પ્રત્યે સંવેદનશીલ રહી નિષ્ઠા અને જવાબદારીપૂર્વક લોકસેવા કરતી રહે તેવી અમારી શુભેચ્છા છે. સમાજના આગેવાનો, વડીલો અને શુભેચ્છકોના આશીર્વાદથી રિદ્ધિબેન વધુ સારી રીતે પોતાની જવાબદારી નિભાવશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો.



સરકારને મન સિંહોનું નહીં, ધંધાર્થીઓનું મહત્વ વધુ

વન્યજીવોની ચિંતા છોડી સરકારને ફક્ત કમાણીમાં રસ! ગીરના જંગલમાં નવી 100 જીપ્સીનું તોળાતું ભારણ

(એજન્સી) સાસણ | તા.08

રાજ્ય સરકાર અને તેના વન વિભાગ દ્વારા જંગલ અને વન્ય પ્રાણીઓનાં સંરક્ષણની જવાબદારી ભૂલીને ગીરના જંગલોને માત્ર પ્રવાસન ઉદ્યોગનું કેન્દ્ર બનાવવામાં આવી રહ્યું છે. કોઈ પણ જાતના વૈજ્ઞાનિક અભ્યાસ વગર ઉપરથી લેવાઈ રહેલા આડેધડ નિર્ણયોને કારણે ગીરની ઈકો-સિસ્ટમ પર ગંભીર જોખમ ઊભું થયું છે. હાલ સાસણના જંગલમાં પહેલેથી જ ક્ષમતા કરતા વધુ ભારણ છે, ત્યારે હવે વન વિભાગ દ્વારા વધુ 100 જીપ્સીઓનું બર્ડન વધારવાની પેરવી શરૂ કરવામાં આવી છે જેને લઈને સ્થાનિક જીપ્સી સંચાલકો અને ગ્રામજનોમાં ભારે રોષ ફેલાયો છે. સાસણ ખાતે અત્યાર સુધીની વ્યવસ્થા મુજબ જંગલ સફારી માટે સામાન્ય દિવસોમાં સવાર, બપોર અને સાંજના સત્ર મળીને કુલ 150 (દર સત્રએ 50) તેમજ વીક-એન્ડ અને તહેવારોમાં કુલ 180 (દર સત્રએ 60) ઓનલાઈન પરમિટો આપવામાં આવતી હોય છે. આ પરમિટો પર અત્યાર સુધી માત્ર સાસણ ગામના સ્થાનિકોની 182 જીપ્સીઓ જ સંચાલન કરતી આવી છે. સરકાર દ્વારા હવે જે નવી પોલિસી અમલમાં મૂકવામાં આવી રહી છે તેમાં સાસણને બાદ કરી, સાસણની આસપાસના 10 કિલોમીટરના સરાઉન્ડિંગ એરિયાના કુલ 21 ગામોમાં 'ડ્રો' પદ્ધતિ દ્વારા નવા વાહનોને મંજૂરી આપવાનું નક્કી કરાયું છે. આ 21 ગામોની કુલ 30 હજારની વસ્તી સામે દર 300 લોકોની વસ્તીએ એક જીપ્સી ફાળવવાનું આયોજન કરાયું છે, જેનાથી સફારી પરમિટોમાં મોટો વધારો થશે.વૈજ્ઞાનિકો અને પર્યાવરણવિદો લાંબા સમયથી ચેતવણી આપી રહ્યા છે કે ગીરના સંવેદનશીલ જંગલમાં માનવીય દખલ અને વાહનોનો અતિશય વધારો સિંહોની પ્રજનન ક્ષમતા, વર્તણૂક અને વન્યજીવોના કોરિડોરને નુકસાન પહોંચાડે છે.

અગાઉ ગિરનાર જંગલ સફારી અને પોરબંદરના બરડા જંગલમાં સફારી શરૂ કરવામાં આવી અને હવે સાસણમાં જીપ્સીઓની સંખ્યામાં આડેધડ વધારો કરવાના નિર્ણયો જંગલની ખરા અર્થમાં ધોર ખોદવા સમાન છે. પ્રવાસનના નામે વન વિભાગ દ્વારા વાણિજ્યિક દ્રષ્ટિકોણ અપનાવવામાં આવી રહ્યો છે જે સિંહ જેવા લુપ્તપ્રાય વન્યજીવ માટે ઘાતક સાબિત થઈ શકે છે.



લઠ્ઠાકાંડ,૧૪ માસૂમોના મોત પાછળ રચાયેલું મોતનું નેટવર્ક પર્દાફાશ

સ્ટેટ મોનિટરિંગ સેલે ૧ લાખ પુષ્ઠોની મહાચાર્જશીટ કોર્ટ સમક્ષ રજૂ કરી કાનૂની શંખનાદ કર્યો

(એજન્સી) ભાવનગર | તા.08

ભાવનગરના ચકચારી લઠ્ઠાકાંડમાં ૧૪ નિર્દોષ માનવજાન લેનાર ઝેરી કેમિકલના આંતરરાજ્ય સિન્ડિકેટનો પર્દાફાશ કરી સ્ટેટ મોનિટરિંગ સેલે ૧ લાખ પૃોનું વજનદાર મહાચાર્જશીટ કોર્ટમાં ધરીને ખાખીને કલંકિત કરનાર એક પોલીસકર્મી સહિત ૪૨ નરાધમોને કાનૂની સંકંજામાં કડક કેદ હવાલે કર્યા છે.

ભાવનગર જિલ્લાના ગૌરવવંતા ઈતિહાસ પર કાળો દાગ સમાન સાબિત થયેલી લઠ્ઠાકાંડની કરૂણ દુર્ઘટનામાં કાયદાકીય તંત્ર દ્વારા આકરો અને ઐતિહાસિક આઘાત પ્રહાર કરવામાં આવ્યો છે. ગત ૧૮ ઓગસ્ટના રોજ ઝેરી મિથેનોલ યુક્ત કેમિકલ પીવાથી ૧૪ નિર્દોષ નાગરિકોએ પોતાના પ્રાણ ગુમાવ્યા હતા. આ હૃદયદ્રાવક અને માનવતાને શરમસાર કરતી હોનારત સંદર્ભે તપાસ ચલાવી રહેલી સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા ન્યાયતંત્ર સમક્ષ ૧ લાખ પાનાનું અત્યંત વજનદાર અને વિગતવાર મહાચાર્જશીટ રજૂ કરવામાં આવ્યું છે.સમાજદ્રોહી તત્વો અને ખાખી વરધીને કલંકિત કરનારા કાનૂની ગુનેગારો વિરુદ્ધ પુરાવાઓનો પહાડ ઊભો કરતાં એસ.એમ.સી.એ ડિજિટલ અને ટેકનિકલ શાહાદત એકત્ર કરી છે. આ ચાર્જશીટમાં શંકાસ્પદ નાણાકીય લેવડદેવડ (મની ટ્રેલ), ઘટનાસ્થળ અને સપ્લાય રૂટના સીસીટીવી ફૂટેજ, શંકાસ્પદ મોબાઈલ કોલ ડિટેલ્સ રેકોર્ડ્સ (સીડીઆર) તેમજ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (એફએસએલ)ના અકાટય ટેકનિકલ પુરાવાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.સૂક્ષ્મ તપાસ દરમિયાન એસએમસીએ ઝેરી મિથેનોલ સપ્લાય કરતી એક અત્યંત જટિલ અને સુનિયોજિત આંતરરાજ્ય ગુનાહિત શ્રૃંખલાનો પર્દાફાશ કર્યો છે. આ ગેરકાયદેસર કાળા કારોબારના મૂળિયાં અન્ય રાજ્યો સુધી ફેલાયેલા હોવાનું ખુલવા પામ્યું છે. કાનૂની સંકંજો કસતાં પોલીસે અત્યાર સુધીમાં ભ્રષ્ટ પોલીસ કર્મચારી સહિત કુલ ૪૨ નરાધમ આરોપીઓની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે, જ્યારે આ કાળી કમાણીમાં સંડોવાયેલા અન્ય ૧૦ મુખ્ય સૂત્રધારોને ફરાર જાહેર કરી તેમની વિરુદ્ધ રેડ કોર્નર સમાન સર્ચ ઓપરેશન શરૂ કરાયું છે.

વરતેજમાંથી વિદેશી દારૂના જથ્થા સાથે શખ્સ પકડાયો

(એજન્સી) ભાવનગર | તા.08

ભાવનગરના વરતેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નારી ચોકડી સિદસર રોડ પુલ પાસે હોટલ મેરીટોન સામે પેટ્રોલિંગ દરમિયાન પોલીસે બાતમીના આધારે માનવરાજસિંહ તેજપાલસિંહ જાડેજા નામના શખ્સને ઝડપી પાડયો હતો. આરોપીના કબજામાંથી વગર પાસ-પરમિટની વિદેશી બનાવટની ઈંગ્લિશ દારૂની બોટલ (ચપટા) નંગ-૦૫ કિંમત રૂપિયા ૮૯૫/- નો મુદ્દામાલ જપ્ત કરી પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ભાવનગરના વરતેજ પોલીસે નારી ચોકડી પાસે પેટ્રોલિંગ દરમિયાન માનવરાજસિંહ જાડેજાને ઝડપી પાડ્યો હતો. તેની પાસેથી પાસ-પરમિટ વગરની વિદેશી દારૂની 5 બોટલ, કિંમત રૂ. 895/- મળી આવી હતી. પોલીસે પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

૪ હજાર રૂપિયાની લેતીદેતીમાં દાદાગીરી

સિહોરના મોટા સુરકા પાસે ઉછીના નાણાં મામલે યુવક પર લાકડીઓ વડે હુમલો

સિહોર : સિહોર તાલુકાના મોટા સુરકા ગામ પાસે રાત્રિના સમયે રૂ. ૪,૦૦૦ના ઉછીના નાણાંની બાબતે બોલાચાલી કરી એક યુવક પર લાકડીઓ વડે ઘાતક હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. આ હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા યુવકને હોસ્પિટલે ખસેડવામાં આવ્યો છે. બનાવ અંગે સિહોર પોલીસ સ્ટેશનમાં ચાર શખ્સો સામે ગુનો નોંધવામાં આવ્યો છે. મળતી વિગતો અનુસાર, વાવ ગામે રહેતા અને ભાવનગર ખાતે ખાનગી બેંકમાં કલેક્શનની નોકરી કરતા હરેન્દ્રસિંહ દાદભા ગોહિલ (ઉં.વ. ૩૫) નામના યુવકે સિહોર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, હરેન્દ્રસિંહે ત્રણ મહિના પહેલાં સેદરડા ગામના વિરમદેવસિંહ પાસેથી રૂ. ૪,૦૦૦ ઉછીના લીધા હતા. આ નાણાં રતનપરના શિવરાજસિંહ ગોહિલે પોતાની પાસે માંગ્યા હતા.ગઈકાલે રાત્રે શિવરાજસિંહે હરેન્દ્રસિંહને ફોન કરી મોટા સુરકા સોનગઢ તરફ આવેલી શિવ પાન નામની બંધ દુકાને મળવા બોલાવ્યો હતો. હરેન્દ્રસિંહ પોતાની બાઈક લઈને ત્યાં પહોંચતા જ શિવરાજસિંહ અને તેની સાથેના અજાણ્યા ત્રણ શખ્સોએ લાકડીઓ સાથે આવી તને શું હવા છે તેમ કહી ગાળો આપવાનું શરૂ કર્યું હતું.ત્યારબાદ શિવરાજસિંહે હરેન્દ્રસિંહના માથામાં લાકડીનો ફટકો મારી દેતાં માથું ફાટી ગયું હતું અને લોહી વહેવા લાગ્યું હતું. જ્યારે બાકીના ત્રણ અજાણ્યા શખ્સોએ તેમને ડાબા પડખામાં અને પગના ભાગે ઢોર માર માર્યો હતો. યુવકે બૂમાબૂમ કરતા હાઈવે પર વાહનોની અવરજવરને કારણે ચારેય હુમલાખોરો પોતાના બાઈક પર ફરાર થઈ ગયા હતા.

ટ્રાન્સપોર્ટ મારફતે બુક કરાયેલો ટ્રક ધુલે પહોંચવાને બદલે રસ્તામાં ગાયબ

મહુવામાં રૂ.૨૩ લાખના સોયાબીન મહારાષ્ટ્ર મોકલવાનો માલ બારોબાર ફુકાવાવ ઉતારી વિશ્વાસઘાત

(એજન્સી) ભાવનગર | તા.08

મહુવા માર્કેટિંગ યાર્ડના વેપારી સાથે રૂ.૨૩ લાખથી વધુની કિંમતના સોયાબીનનો માલ બારોબાર કરી વિશ્વાસઘાત કરવાની ગંભીર ઘટના સામે આવી છે.ધમત એન્ટરપ્રાઈઝના માલિક ધમત ચેતનભાઈ શાહે મહારાષ્ટ્રના ધુલે ખાતે ૨૯,૫૩૦ કિલો સોયાબીન (૬૩૫ કટ્ટા) મોકલવા માટે આર.કે. ટ્રાન્સપોર્ટ મારફતે ટ્રક (જીજે ૩૬ ટી - ૪૪૫૧) ભાડે રાખ્યો હતો. રૂ. ૬૧,૯૫૦ના નક્કી થયેલા ભાડામાંથી રૂ. ૩૦,૦૦૦ એડવાન્સ પણ ચૂકવવામાં આવ્યા હતા.ગત ૧ નવેમ્બરે માલ ભરીને નીકળેલો ટ્રક ધુલે પહોંચવાના બદલે રસ્તામાંથી જ ગાયબ થઈ ગયો હતો. શરૂઆતમાં મોબાઈલ ધારકે ગાડી સુરત પાસે ખરાબ થઈ હોવાનું બહાનું બતાવ્યું હતું, પરંતુ બાદમાં ફોન સ્વિચ ઓફ થઈ ગયો હતો. શંકા જતાં ટ્રાન્સપોર્ટરો દ્વારા તપાસ કરતા જાણવા મળ્યું હતું કે ટ્રક ડ્રાઇવર મુકેશ દીલુભાઈ રાઠોડ અને તેના સાગરીતોએ આ સોયાબીન મહારાષ્ટ્ર લઈ જવાના બદલે અમરેલીથી આગળ કુકાવાવ ખાતે અન્ય વાહનોમાં ટ્રાન્સફર કરી બારોબાર વેચી માર્યો હતો.આ સમગ્ર કૌભાંડ અંગે મહુવા પોલીસ સ્ટેશનમાં મુકેશ રાઠોડ, હરેશ પરમાર અને બે મોબાઈલ નંબરના ધારકો સામે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને બી. એન.એસ.ની કલમ ૩૧૬(૪), ૩૧૬(૫) અને ૫૪ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.



બાઈક સમારકામના ખર્ચના મુદ્દે બોલાચાલી

પાલીતાણામાં યુવક પર લોખંડના પાઇપ અને પથ્થરો વડે હુમલો

ભાવનગર : પાલીતાણાના ગરાજીયા રોડ પર આવેલા ભીલવાસ વિસ્તારમાં જૂની મોટરસાઈકલ અકસ્માત અને તેના સમારકામના ખર્ચ મુદ્દે થયેલી બોલાચાલીમાં એક યુવક પર લોખંડના પાઇપ અને પથ્થરોથી હુમલો કરવામાં આવ્યો હતો. આ ઘટનામાં યુવક અને તેને બચાવવા વચ્ચે પડેલી તેની માતાને ઈજાઓ પહોંચતા તેમને સારવાર અર્થે ભાવનગરની સર.ટી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. પાલીતાણા ટાઉન પોલીસ મથકે આ અંગે સાત આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. મળતી વિગત મુજબ, પાલીતાણાના ભીલવાસ ખાતે રહી ડોળી મજૂરી કરતા રવિભાઈ દિનેશભાઈ સોલંકી (ઉ.વ. ૨૫) શુક્રવારે સવારે સાડા દસ વાગ્યાના સુમારે વિનુભાઈની દુકાને માવો ખાવા માટે ઉભા હતા. તે દરમિયાન ત્યાં હાજર રવિ કિશનભાઈ ચુડાસમા પાસે રવિભાઈએ અગાઉ નીચે પાડી દીધેલી બાઈકના રિપેરિંગનો ખર્ચ માંગ્યો હતો. આ સાંભળી રવિ ચુડાસમા એકદમ ખીજા

શેરબજારના રોકાણકારો માટે મહત્ત્વના સમાચાર, SEBI એ આજથી નવું સેટલમેન્ટ ફ્રેમવર્ક લાગુ કર્યું

(એજન્સી) નવી દિલ્હી | તા.08

SEBI એ શેરબજારમાં પારદર્શિતા લાવવા અને નિયમનકારી પ્રક્રિયા સરળ બનાવવા 7 નવેમ્બર, 2026 થી નવું સેટલમેન્ટ ફ્રેમવર્ક લાગુ કર્યું છે. આનાથી યોગ્ય વ્યક્તિઓ અને સંસ્થાઓ ચોક્કસ નિયમનકારી કાર્યવાહી ઝડપથી ઉકેલી શકશે. SEBI દ્વારા ઓનલાઈન સેટલમેન્ટ એપ્લિકેશન, કેલ્ક્યુલેટર અને હેલ્પડેસ્ક જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈ છે. જોકે, ગંભીર ગુનાઓ જેમ કે ઈરાદાપૂર્વકના ડિફોલ્ટર્સ અને છેતરપિંડી કરનારાઓને આમાંથી બાકાત રખાયા છે. સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI) દ્વારા શેરબજાર અને નિયમનકારી પ્રક્રિયાઓને વધુ સરળ અને પારદર્શક બનાવવા માટે 7 નવેમ્બર, 2026 થી એક નવું સેટલમેન્ટ ફ્રેમવર્ક (Settlement Framework 2026) લાગુ કરી દેવામાં આવ્યું છે. આ નવા નિયમોના અમલથી યોગ્ય વ્યક્તિઓ અને સંસ્થાઓ (એન્ટિટીઓ) એક વ્યવસ્થિત સિસ્ટમ દ્વારા ખાસ નિયમનકારી કાર્યવાહીને ઝડપથી ઉકેલી શકશે.આ અંગે SEBI દ્વારા ગત 8 ઓક્ટોબરે જ નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું હતું. નવું ફ્રેમવર્ક (જે 'એડમિનિસ્ટ્રેટિવ અને સિવિલ પ્રોસિડિંગ્સનું સેટલમેન્ટ રેગ્યુલેશન, 2026' તરીકે ઓળખાય છે) ટ્રાન્ઝિશનલ



અને સેવિંગ પ્રોવિઝન હેઠળ વર્ષ 2018ના જૂના સેટલમેન્ટ ફ્રેમવર્કનું સ્થાન લેશે. આ નવા નિયમો અંતર્ગત કયા-કયા મુખ્ય બદલાવો આવ્યા છે અને કઈ બાબતો ધ્યાનમાં રાખવાની રહેશે, તેની વિગતો નીચે મુજબ છે:ઓનલાઈન સેટલમેન્ટ સર્વિસ અને સુવિધાઓ અરજી પ્રક્રિયાને અત્યંત સરળ અને ડિજિટલ બનાવવા માટે SEBI દ્વારા ખાસ ઓનલાઈન સેટલમેન્ટ એપ્લિકેશન સુવિધા શરૂ કરવામાં આવી છે. આ સિસ્ટમમાં નીચેની બાબતો સામેલ છે:સેટલમેન્ટ અમાઉન્ટ કેલ્ક્યુલેટર: અરજદારો જાતે જ સેટલમેન્ટની રકમનો અંદાજ મેળવી શકે તે માટે કેલ્ક્યુલેટર ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે, તેમજ તે સમજાવતો એક વિડિયો પણ જારી કરાયો છે.

હેલ્પ ડેસ્ક અને FAQs: અરજદારોની મુશ્કેલીઓ દૂર કરવા માટે વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs) અને ડેડિકેટેડ હેલ્પ ડેસ્કની વ્યવસ્થા કરાઈ છે.રેગ્યુલેશન 2026 મુજબ લાયક વ્યક્તિઓ ચોક્કસ શરતો પૂરી કરીને અલગ-અલગ તબક્કે નિયમનકારી કાર્યવાહીના સેટલમેન્ટ માટે અરજી કરી શકશે.અરજી શુલ્ક (એપ્લિકેશન ફી) અને ન્યૂનતમ સેટલમેન્ટ રકમનવા નિયમોમાં ફી અને રકમનું સ્પષ્ટ માળખું નક્કી કરવામાં આવ્યું છે: બિન-રિફંડપાત્ર અરજી ફી (Non-refundable Application Fee): સામાન્ય નાગરિકો માટે 25,000 અને અન્ય તમામ અરજદારો માટે 35,000 ની ફી રાખવામાં આવી છે.લઘુત્તમ સેટલમેન્ટ રકમ: પહેલીવાર અરજી કરનારાઓ માટે લઘુત્તમ સેટલમેન્ટ રકમ 3 લાખ અને અન્ય અરજદારો માટે 7 લાખ નક્કી કરાઈ છે.

જો કે, અંતિમ (ફાઇનલ) સેટલમેન્ટ રકમ મૂળ રકમ (બેઝ અમાઉન્ટ), કાર્યવાહીનું તબક્કો, ઉલ્લંઘનની ગંભીરતા અને અન્ય પરિબળો પર આધાર રાખશે. સમયમર્યાદા (Deadline): SEBI સમક્ષ પેન્ડિંગ કાર્યવાહી માટે સામાન્ય રીતે કારણદર્શક નોટિસ (Show-cause notice) અથવા પૂરક કારણદર્શક નોટિસ મળ્યાના 120 દિવસની અંદર અરજી કરવી પડશે. જો કે, આ સમયમર્યાદા સિક્યોરિટીઝ અપેલાઈટ ટ્રિબ્યુનલ (SAT) અથવા સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ ખાસ કેસોને લાગુ પડતી નથી.નવા નિયમો હેઠળ ઉલ્લંઘન-આધારિત (Violations-based) અને નાણાકીય મર્યાદા-આધારિત (Monetary Threshold-based) ફાસ્ટ-ટ્રેક સેટલમેન્ટ પ્રોસિજર શરૂ કરવામાં આવી છે.મોનેટરી થ્રેશહોલ્ડ: 10 લાખ સુધીની સેટલમેન્ટ રકમ ધરાવતી અરજીઓ ઝડપી પ્રોસેસિંગ માટે લાયક બની શકે છે, શરત એ છે કે તેમાં કોઈ નફાની વાપસી (Disgorgement), સુધારાત્મક પગલાં કે વધારાની નિયમનકારી શરતો સામેલ ન હોવી જોઈએ.કેટલાક ગંભીર પ્રકારના ઉલ્લંઘનોને આ સેટલમેન્ટ ફ્રેમવર્કની બહાર રાખવામાં આવ્યા છે, જેને કોઈ પણ સંજોગોમાં આના દ્વારા માફ કે સેટલ નહીં કરી શકાય:ગોપનીયતાનો લાભ: જે અરજદારો તપાસ કે ઓડિટ દરમિયાન SEBI ને ઉત્તમ અને સચોટ સહાય પૂરી પાડશે, તેમને ચોક્કસ શરતો સાથે ગોપનીયતાનો લાભ આપવામાં આવશે. મંજૂરીની પ્રક્રિયા: સેટલમેન્ટ અરજીઓની ચકાસણી એક આંતરિક સમિતિ (Internal Committee) અને ઉચ્ચ અધિકાર પ્રાપ્ત સલાહકાર સમિતિ (High Powered Advisory Committee) દ્વારા કરવામાં આવશે, જે યોગ્ય શરતોની ભલામણ કરશે. ત્યારબાદ SEBI ના હોલ ટાઈમ મેમ્બર્સનું એક પેનલ અરજી સ્વીકારવી કે ફગાવી દેવી તેનો અંતિમ નિર્ણય લેશે.

ભ્રષ્ટાચાર ડામવા કરાયેલી નોટબંધી એળે ગઈ, રોકડ અઢી ગણી વધીને 43 લાખ કરોડે પહોંચી

(એજન્સી) નવી દિલ્હી | તા.08

8 નવેમ્બર, 2016ના રોજ સરકારે 500 અને 1000ની નોટો રદ કરી હતી. કાળું નાણું, નકલી ચલણ અને આતંકવાદી ભંડોળ રોકવા આ પગલું લેવાયું હતું. નોટબંધી પછી UPI વ્યવહારોમાં જબરદસ્ત વધારો થયો, પરંતુ રોકડ ચલણ પણ GDPના 12% જેટલું સ્થિર રહ્યું છે, જે 23 ઓક્ટોબર, 2026 સુધીમાં 43.2 લાખ કરોડ થયું છે.

દસ વર્ષ પહેલાં, 8 નવેમ્બર, 2016ના રોજ, ચલણમાં રહેલા કુલ નાણાંના (કરન્સી ઈન સરક્યુલેશન)મૂલ્યના 86.4% જેટલી નોટોની માન્યતા (લીગલ ટેન્ડર દરજ્જો) રદ કરી દેવામાં આવી હતી. કાળું નાણું ડામવું, નકલી ચલણ નાબૂદ કરવું અને આતંકવાદી ભંડોળ રોકવા સહિતના બહુવિધ ઉદ્દેશ્યો સિદ્ધ કરવા માટે સરકારે નોટબંધીનું અસાધારણ પગલું ભરાયું હતું.ડિજિટલ અને ઓછી રોકડ આધારિત આર્થતંત્રને પ્રોત્સાહન આપવાનો મુદ્દો ત્યારબાદ આ લક્ષ્યાંકોની યાદીમાં ઉમેરવામાં આવ્યો હતો. પરંતું અફસોસ કે આજે પણ લોકો ડિજિટલ પોમોન્ટની સાથોસાથ રોકડને પણ પ્રાધાન્ય આપી રહ્યાછે.નોટબંધી પૂર્વના વર્ષ એટલે કે FY16ના અંતે ચલણમાં રહેલું રોકડ નાણું આશરે રૂ. 16.6 લાખ કરોડ હતું, જે ત્યારથી 2.6 ગણું વૃધીને 23 ઓક્ટોબર, 2026 સુધીમાં રૂ. 43.2 લાખ કરોડ થઈ ગયું છે. જીડીપીના પ્રમાણ તરીકે જોતાં, FY26માં તે 12% ને સ્પર્શી ગયું છે, જે લગભગ FY16 જેટલું જ છે. નોટો પાછી ખેંચાયા પછીની તાત્કાલિક અસર હેઠળ FY17માં ચલણમાં રહેલું રોકડ નાણું ઘટીને રૂ. 13.4 લાખ કરોડ અથવા જીડીપીના 8.7% જેટલું થઈ ગયું હતું.નોટબંધીએ આર્થિક વૃદ્ધિને કોઈ વધારાની ગતિ આપી હોય એવું જણાતું નથી. FY06 અને FY16 વચ્ચે સરેરાશ જીડીપી વૃદ્ધિદર 6.8% રહ્યો હતો, જે તે પછીના દાયકા (FY17-FY26) ના 6% કરતાં સહેજ ઓછા દરે રહેલા વિકાસદર કરતાં વધારે હતો. અલબત્ત, પછીના સમયગાળાની વૃદ્ધિ મહામારી (કોવિડ) ના આંચકાથી મર્યાદિત રહી હતી. કર ઉછાળો (નોમિનલ જીડીપી વૃદ્ધિના સાપેક્ષમાં કરની આવકનો વૃદ્ધિદર પણ નોટબંધી પછીના સમયગાળામાં નોંધપાત્ર રીતે સુધર્યો નથી, જ્યારે ટેક્સ-ટુ-જીડીપી રેશિયોમાં નજીવો વધારો જોવા મળ્યો છે.રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના અહેવાલ મુજબ લગભગ 99.3% રદ કરાયેલી નોટો બેંકિંગ સિસ્ટમમાં પરત આવી ગઈ હતી, જે એ ધારણાથી વિપરીત હતું કે બિનહિસાબી સંપત્તિ (કાળા નાણાં)નું પ્રતિનિધિત્વ કરતો મોટો હિસ્સો સિસ્ટમમાંથી નાબૂદ થઈ જશે.નોટબંધી પછીના છેલ્લા દાયકામાં યુપીઆઈ વ્યવહારોમાં જબરદસ્ત ઉછાળો જોવા મળ્યો છે, જે ગ્રાહક-મૈત્રીપૂર્ણ સાબિત થવાની સાથે સરકારી કલ્યાણકારી યોજનાઓના પરિણામોમાં પણ સુધારો લાવ્યો છે. રસપ્રદ વાત એ છે કે, આટલા મોટા પાયે યુપીઆઈ વૃધવા છતાં પણ જીડીપીના હિસ્સા તરીકે રોકડ ચલણનું મૂલ્ય લગભગ સ્થિર જ રહ્યું છે.

ભારતમાં નોટબંધીના ઇતિહાસ પર નજર

1. પ્રથમ નોટબંધી (12 જાન્યુઆરી 1946)

બ્રિટિશ શાસન દરમિયાન વાઇસરોય વેવેલ દ્વારા પ્રથમવાર નોટબંધી કરવામાં આવી હતી. તે સમયે રૂ. 500, રૂ. 1000 અને રૂ. 10,000 ની નોટો રદ કરવામાં આવી હતી.

2. દ્વિતીય નોટબંધી (16 જાન્યુઆરી 1978):

વડાપ્રધાન મોરારજી દેસાઈની સરકાર દ્વારા આ નિર્ણય લેવાયો હતો. તે સમયે રૂ. 1,000, રૂ. 5,000 અને રૂ. 10,000 ની મોટી નોટો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

3. તૃતીય નોટબંધી (8 નવેમ્બર 2016):

વડાપ્રધાન મોદી દ્વારા રાત્રે 8 વાગ્યે ટેલિવિઝન પર જાહેરાત કરીને દેશમાં રૂ. 500 અને રૂ. 1000 ની જૂની નોટો તાત્કાલિક અસરથી રદ કરવામાં આવી હતી. તેના વિકલ્પ તરીકે નવી રૂા. 500 અને રૂા.2000 ની નોટો દાખલ કરવામાં આવી હતી

NBFC દ્વારા ગોલ્ડ લોનમાં સપ્ટેમ્બરમાં ૬૬%નો ઉછાળો નોંધાયો



અમદાવાદ : નોન-બેન્કિંગ ફાયનાન્સિયલ કંપનીઓ (એનબીએફસી) દ્વારા સોનાના દાગીના સામે આપવામાં આવતી બાકી લોન (આઉટસ્ટેન્ડિંગ ગોલ્ડ લોન) સપ્ટેમ્બર ૨૦૨૬માં વાર્ષિક ધોરણે (Y-o-Y) ૬૬.૧ ટકા વૃધીને રૂ.૩.૭૪ લાખ કરોડ થઈ છે, જેનાથી તે તેમના રિટેલ લોન પોર્ટફોલિયોમાં સૌથી ઝડપથી વૃદ્ધિ પામતા સેગમેન્ટ્સ પૈકી એક બની ગયું છે.રિઝર્વ બેંક દ્વારા જારી કરાયેલા ક્રેડિટ ડેટાના તાજેતરના ક્ષેત્રીય વિશ્લેષણ મુજબ, વૃદ્ધિનો આ દર સપ્ટેમ્બર ૨૦૨૫માં નોંધાયેલા ૫૦.૭ ટકા કરતાં નોંધપાત્ર રીતે વધુ હતો.વાસ્તવિક આંકડાની દ્રષ્ટિએ જોઈએ તો, એક વર્ષના સમયગાળામાં ગોલ્ડ લોનમાં આશરે રૂ. ૧.૪૯ લાખ કરોડનો વધારો થયો છે. આ સેગમેન્ટમાં વિસ્તરણ સોનાના ઊંચા ભાવો વચ્ચે આવ્યું છે, જેના કારણે ગિરવે મુકેલા સોનાનું મૂલ્ય વધ્યું છે અને લોન લેનારાઓ પોતાના દાગીના સામે વધુ રકમ મેળવવા સક્ષમ બન્યા છે. આ સેગમેન્ટની વૃદ્ધિ અન્ય મુખ્ય રિટેલ લોન કેટેગરીઝ કરતાં ઘણી આગળ નીકળી ગઈ છે. એનબીએફસી દ્વારા કુલ રિટેલ લોન સપ્ટેમ્બરમાં વાર્ષિક ધોરણે ૨૧.૯ ટકા વધીને રૂ. ૨૬.૮૪ લાખ કરોડ થઈ હતી, જ્યારે અગાઉના વર્ષે આ વૃદ્ધિ ૧૬.૮ ટકા હતી. વાહન લોન (વ્હીકલ લોન) ૧૬.૧ ટકા વધીને રૂ. ૬.૪૬ લાખ કરોડ થઈ હતી, જ્યારે હાઉસિંગ લોન ૧૨.૬ ટકા વૃધીને રૂ. ૮.૭ લાખ કરોડ થઈ હતી. સપ્ટેમ્બરમાં એનબીએફસી ના કુલ રિટેલ લોન પોર્ટફોલિયોમાં ગોલ્ડ લોનનો હિસ્સો લગભગ ૧૪ ટકા જેટલો હતો, જે ધિરાણ માળખામાં તેનું વધતું મહત્વ દર્શાવે છે. જોકે, આ મજબૂત વૃદ્ધિએ આ સેગમેન્ટની અન્ડરરાઇટિંગ પદ્ધતિઓ (જોખમ મૂલ્યાંકન પ્રક્રિયા) તરફ પણ વધુ ધ્યાન દોર્યું છે.

ટાટા ગ્રૂપમાં મોટો ફેરફાર, વોલ્ટાસની કમાન છોડી રહ્યા છે નોએલ ટાટા, હવે કોણ સંભાળશે જવાબદારી?

(એજન્સી) નવી દિલ્હી | તા.08

ટાટા ટ્રસ્ટ્સના ચેરમેન નોએલ ટાટા હવે વોલ્ટાસ (Voltas)ના ચેરમેન પદની જવાબદારી છોડશે. કંપનીએ તેમને ચેરમેન એમેરિટસ તરીકે નિયુક્ત કર્યા છે. નોએલ ટાટા 11 નવેમ્બર 2026ના રોજ કંપનીના ચેરમેન અને ડિરેક્ટર પદેથી નિવૃત્ત થશે. ત્યારબાદ 12 નવેમ્બરથી તેમની નવી ભૂમિકા અમલમાં આવશે. વોલ્ટાસે રેગ્યુલેટરી ફાઇલિંગમાં જણાવ્યું છે કે કંપનીના બોર્ડે નોએલ ટાટાને ચેરમેન એમેરિટસ બનાવવાનો નિર્ણય લીધો છે. તેઓ વર્ષ 2003થી વોલ્ટાસ સાથે જોડાયેલા છે.નોએલ ટાટાનો જન્મ 12 નવેમ્બર 1956ના રોજ થયો હતો. તેઓ 12 નવેમ્બર 2026ના રોજ 70 વર્ષના થશે. ટાટા ગ્રૂપના ગવર્નન્સ નિયમો અનુસાર, નિવૃત્તિની વયમર્યાદા પૂર્ણ થતાં તેઓ ચેરમેન અને ડિરેક્ટર પદ છોડી દેશે.કંપની અધિનિયમ, 2013 મુજબ, 70 વર્ષ કે તેથી વધુ ઉંમરની વ્યક્તિની મેનેજિંગ ડિરેક્ટર અથવા હોલ ટાઇમ ડિરેક્ટર તરીકે નિમણૂક કરી શકાતી નથી અને આવી વ્યક્તિ આ પદ પર ચાલુ પણ રહી શકતી નથી.વોલ્ટાસના બોર્ડે સુનીલ અલારિક ડિસોઝાને કંપનીના નવા ચેરમેન તરીકે નિયુક્ત કર્યા છે. તેમની નિમણૂક 12 નવેમ્બર 2026થી અમલમાં આવશે. સુનીલ ડિસોઝા હાલમાં ટાટા ગ્રૂપની FMCG કંપની ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સના મેનેજિંગ ડિરેક્ટર અને CEO છે.આ કંપની ટાટા સોલ્ટ, ટાટા ટી, ટેટલી અને ટાટા સંપન્ન જેવી બ્રાન્ડ દ્વારા મીઠું, ચા, કોફી, પેકેજ્ડ ફૂડ અને પીણાંનું વેચાણ કરે છે.કંપનીમાં નેતૃત્વ પરિવર્તનનો સિલસિલો અહીં અટકવાનો નથી. વોલ્ટાસના વર્તમાન મેનેજિંગ ડિરેક્ટર સી.પી. મુકુંદન મેનનનો કાર્યકાળ 24 મે 2027ના રોજ પૂર્ણ થશે. ટાટા ગ્રૂપના કાર્યકારી ડિરેક્ટરો માટે નક્કી કરાયેલી નિવૃત્તિ નીતિ અનુસાર તેઓ કંપનીમાંથી નિવૃત્ત થશે.કંપનીના બોર્ડે જયંતા બાલનને 25 મે 2027થી પાંચ વર્ષ માટે મેનેજિંગ ડિરેક્ટર તરીકે નિયુક્ત કરવાની મંજૂરી આપી છે. તેઓ હાલમાં વોલ્ટાસના રૂમ એર કન્ડિશનર બિઝનેસના વડા છે.

માર્કેટમાં બિગ બ્લોકબસ્ટર એન્ટ્રી: કરોડોનો IPO લાવવાની સત્તાવાર શરૂઆત!

(એજન્સી) નવી દિલ્હી | તા.08

ભારતીય શેરબજારમાં વધુ એક મોટો IPO આવવાની તૈયારી છે. કોકા-કોલાની ભારતીય બોટલિંગ કંપની હિન્દુસ્તાન કોકા-કોલા હોલિંગ્સે (HCCH) IPO માટે SEBI સમક્ષ ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (DRHP) ફાઇલ કર્યો છે. આ કંપની ભારતમાં કોકા-કોલા, થમ્સ અપ, સ્પ્રાઇટ, ફેન્ટા અને માઝા જેવી લોકપ્રિય બ્રાન્ડ્સનાં પીણાંનું ઉત્પાદન અને વિતરણ કરે છે. અગાઉના અહેવાલો મુજબ, IPOનું કદ આશરે 9,500 કરોડ અને કંપનીનું સંભવિત મૂલ્યાંકન લગભગ $10 અબજ હોઈ શકે છે. જોકે, અંતિમ ઇશ્યૂ સાઇઝ અને શેરની કિંમત હજુ જાહેર કરવામાં આવી નથી. આ IPO સંપૂર્ણપણે ઓફર ફોર સેલ (OFS) હશે. એટલે કંપની નવા શેર બહાર પાડીને ભંડોળ એકત્ર નહીં કરે, પરંતુ હાલના પ્રમોટર પોતાના શેર વેચશે. કંપનીના પ્રમોટર હિન્દુસ્તાન કોકા-કોલા ઓવરસીઝ હોલિંગ્સ પ્રાઇવેટ લિમિટેડ લગભગ 99.75 કરોડ શેર વેચવાની યોજના ધરાવે છે. આ શેરનું ફેસ વેલ્યૂ 10 છે. IPO બાદ પ્રમોટરનો હિસ્સો હાલના 60%થી ઘટીને આશરે 45% થઈ શકે છે. હાલમાં કોકા-કોલા પાસે કંપનીનો 60% હિસ્સો છે, જ્યારે જુબિલન્ટ ભારતી ગ્રુપ પાસે 40% હિસ્સો છે. જુબિલન્ટ ભારતી ગ્રુપ આ IPOમાં પોતાના શેર વેચવાનું નથી. કંપનીના નાણાકીય આંકડા પણ મહત્વના છે. માર્ચ 2026માં પૂરા થયેલા નાણાકીય વર્ષમાં HCCHની આવક 9.4% ઘટીને 11,549 કરોડ રહી હતી. અગાઉના નાણાકીય વર્ષમાં આ આવક આશરે 12,750 કરોડ હતી. કંપનીએ આવકમાં ઘટાડા પાછળ બોટલિંગના કેટલાક વિસ્તારો અન્ય કોકા-કોલા બોટલર્સને સોંપવાની પ્રક્રિયાને જવાબદાર ગણાવી હતી. જોકે, જૂન 2026માં પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં કંપનીના જાળવી રાખેલા વ્યવસાયની આવક 4,310.17 કરોડ રહી હતી, જે વાર્ષિક ધોરણે 20.46% વધુ હતી. હિન્દુસ્તાન કોકા-કોલા હોલિંગ્સ ભારતમાં કોકા-કોલાની સૌથી મોટી બોટલિંગ કંપની છે. તેનો વ્યવસાય 10 રાજ્યો અને 4 કેન્દ્રશાસિત પ્રદેશોમાં ફેલાયેલો છે. કંપની પાસે 14 ઉત્પાદન એકમો અને 8 કો-પેકિંગ એકમો છે. તેના પોર્ટફોલિયોમાં કોકા-કોલા, થમ્સ અપ, સ્પ્રાઇટ, ફેન્ટા, માઝા, કિનલી અને મિનિટ મેઇડ જેવી બ્રાન્ડ્સ સામેલ છે. IPOની પ્રાઇસ બેન્ડ અને લિસ્ટિંગની તારીખ હજુ જાહેર થઈ નથી.

પાંચ રાજ્યોને ચોખાની સ્ટોક લિમિટ લાગુ કરવા પરવાનગી અપાઈ

વધતા ભાવને ધ્યાનમાં રાખી ચોખાનો સ્ટોક જાહેર કરવાનું ફરજિયાત



(એજન્સી) મુંબઈ | તા.08

દેશમાં ચોખાના વધી રહેલા ભાવને ધ્યાનમાં રાખી કેન્દ્ર સરકારે ટ્રેડરો, મિલરો, પ્રોસેસર્સ, રિટેલર્સ તથા હોલસેલર્સને ચોખા તથા ડાંગરનો સ્ટોક જાહેર કરવા નિર્દેશ આપ્યો છે એટલું જ નહીં ચોખાની સંગ્રહખોરી અટકાવવા દક્ષિણના પાંચ રાજ્યોને સ્ટોક લિમિટ લાગુ કરવાની પણ પરવાનગી આપી છે.કેન્દ્ર સરકાર દ્વારા જારી કરાયેલા આદેશ પ્રમાણે દરેક રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશના ` ટ્રેડરો, મિલરો, પ્રોસેસર્સ, રિટેલર્સ તથા હોલસેલર્સે છ પ્રકારના ચોખા-બાસમતિ, નોન બાસમતિ પ્રીમિયમ ચોખા, નોન-બાસમતિ ચોખા, ઉકળા ચોખા, ટૂકડા ચોખા તથા ડાંગરનો સ્ટોક જાહેર કરવાનો રહેશે.સ્ટોકની માહિતી ફૂડ સ્ટોક પોર્ટલ પર દર શુક્રવારે જાહેર કરવાની રહેશે. જે એકમો આ માહિતી પૂરી નહીં પાડે તેમની વિરુદ્ધ એસેન્સિઅલ કોમોડિટીઝ એક્ટ,૧૯૫૫ની કલમ ૬ અને ૭ હેઠળ કાર્યવાહી કરવાની પણ ચીમકી આપવામાં આવી છે.દક્ષિણના પાંચ રાજ્યો તેલંગણા, આન્ધ્ર પ્રદેશ, તામિલનાડુ, કેરળ તથા કર્ણાટકને ચોખા તથા ડાંગરની સ્ટોક લિમિટ લાગુ કરવા પણ છૂટ આપવામાં આવી છે. સદર આદેશ ૩૧ જાન્યુઆરી ૨૦૨૭ સુધી અમલી રહેશે. વર્તમાન વર્ષમાં દેશમાં ચોમાસુ નબળુ રહેતા ચોખાના ઉત્પાદનમાં ઘટ જોવા મળવાનો અંદાજ મુકાયો છે.

પૂરવઠા ખેંચની સ્થિતિમાં ચોખાની સંગ્રહખોરી અટકાવવા કેન્દ્ર તથા રાજ્યો દ્વારા આદેશના અમલીકરણના પાલન માટે ખાસ દેખરેખ રાખવામાં આવશે.ખુલ્લા બજારમાં ચોખાની ઉપલબ્ધતા વધારવા નાફેડ, એનસીસીએફ તથા કેન્દ્રીય ભંડારને કેન્દ્ર તરફથી વધારાનો સ્ટોક પૂરો પાડવામાં આવી રહ્યો છે. જેનું વેચાણ ભારત રાઈસ તરીકે કરાશે.સરકારી એજન્સીઓને ચોખાના વિતરણ માટે દરેક શક્ય માધ્યમો તપાસવા પણ સૂચના આપવામાં આવી હોવાનું અન્ન મંત્રાલયના સુત્રોએ જણાવ્યુ હતું.ઓપન માર્કેટ સેલ સ્કીમ હેઠળ ઘરઆંગણે ઈ-ઓકશન મારફત ચોખાના વેચાણનો ટાર્ગેટ ૨૦૨૬-૨૭ માટે ૨૫ લાખ ટનથી વધારી ૫૦ લાખ ટન કરાઈ છે. ૩૧ ઓકટોબર સુધીમાં અંદાજે ૨૫ લાખ ટન ખાનગી પાર્ટીઓને વેચાણ કરી દેવાયું છે.અલ નિનોની અસરને કારણે નવા માલનું આગમન ધીમુ પડવાની ધારણાંએ વિવિધ પ્રકારના ચોખાના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે.

ક્રિપ્ટો પ્લેટફોર્મ્સ પર EDના દરોડા

કોઈનDCX-ડેલ્ટા એક્સચેન્જમાં હજારો કરોડના વિદેશી વ્યવહારો, FEMA ઉલ્લંઘનના પુરાવા

(એજન્સી) બેંગલુરુ | તા.08

પ્રવર્તન નિદેશાલયે 4 અને 5 નવેમ્બરે ક્રિપ્ટો ટ્રેડિંગ પ્લેટફોર્મ કોઈન DCX અને ડેલ્ટા એક્સચેન્જના બેંગલુરુ ખાતે 3 ઠેકાણાઓ પર દરોડા પાડ્યા.તપાસમાં કાનૂની મંજૂરી વિના આંતરરાષ્ટ્રીય ક્રિપ્ટો ટ્રાન્ઝેક્શન અને મોટા પાયે FEMA એટલે કે ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટના ઉલ્લંઘનના પુરાવા મળ્યા છે.FEMA એક કાયદો છે, જે દેશમાં વિદેશી ચલણના વ્યવહારો, સરહદ પારના ટ્રાન્સફર અને વિદેશી રોકાણને નિયંત્રિત કરે છે. તેનો હેતુ ભારતના વિદેશી ચલણ ભંડારને સુરક્ષિત રાખવાનો અને આંતરરાષ્ટ્રીય વેપાર તથા ચુકવણીઓને સરળ અને પારદર્શક બનાવવાનો છે. સમગ્ર વિવાદ વિદેશી પ્લેટફોર્મ્સ પર ગેરકાયદેસર રીતે 'ડેરિવેટિવ ટ્રેડિંગ' કરાવવા અને સરકારી મંજૂરી વિના હજારો કરોડ રૂપિયા દેશની બહાર મોકલવા સાથે સંબંધિત છે. સામાન્ય ટ્રેડિંગમાં કોઈ પણ વ્યક્તિ શેર અથવા ક્રિપ્ટો કૉઈન ખરીદીને તેનો માલિક બને છે. પરંતુ ડેરિવેટિવ ટ્રેડિંગમાં તમે સીધી કોઈ વસ્તુ ખરીદતા નથી, પરંતુ માત્ર એ દાવ લગાવો છો કે આવનારા સમયમાં તેની કિંમત વધશે કે ઘટશે.આરોપ છે કે આ બંને ભારતીય પ્લેટફોર્મ કોઈ પણ મંજૂરી વિના પોતાના ગ્રાહકોને વિદેશી ક્રિપ્ટો વેબસાઇટ્સ પર આ પ્રકારનું ટ્રેડિંગ કરાવતા હતા અને તેનું ખુલ્લેઆમ પ્રચાર પણ કરતા હતા.આ સમગ્ર રમતમાં પૈસા દેશની બહાર મોકલવા માટે 'USDT' નામના સ્ટેબલકૉઇનનો સહારો લેવામાં આવી રહ્યો હતો. સામાન્ય રીતે જ્યારે કોઈ વ્યક્તિ અથવા કંપની બેંક મારફતે વિદેશમાં પૈસા મોકલે છે, ત્યારે રિઝર્વ બેંકની કડક નજર રહે છે.

આ કાનૂની પ્રક્રિયા અને બેંકિંગ સિસ્ટમની નજરથી બચવા માટે આ પ્લેટફોર્મ્સે USDTને માધ્યમ બનાવ્યું.USDT વાસ્તવમાં ડિજિટલ ડૉલરની જેમ કામ કરે છે, જેની કિંમત હંમેશા એક ડૉલર જેટલી સ્થિર રહે છે. તેને બ્લૉકચેન દ્વારા પલક ઝપકતાં જ કોઈ પણ બેંકના અવરોધ વિના દુનિયાના કોઈ પણ ખૂણે ટ્રાન્સફર કરી શકાય છે.તપાસમાં સામે આવ્યું છે કે CoinDCX પોતાના બિઝનેસ ખર્ચ અને ટ્રાન્ઝેક્શન ફીના બહાને USDT મારફતે Binance, KuCoin અને Bybit જેવા મોટા વિદેશી ક્રિપ્ટો પ્લેટફોર્મ્સને સેંકડો કરોડ રૂપિયા મોકલી રહ્યું હતું.બીજી તરફ, Delta Exchange ગ્રાહકોના સોદાઓનો મોટો હિસ્સો CoinDCX મારફતે રૂટ કરી રહ્યું હતું અને પોતાની વિદેશી ભાગીદાર કંપનીઓને પણ રકમ ટ્રાન્સફર કરી રહ્યું હતું.EDના જણાવ્યા અનુસાર, આ રીતે બેન્કિંગ રેકોર્ડ વિના અને કર ચૂકવ્યા વિના ભારતમાંથી હજારો કરોડ રૂપિયા ડિજિટલ રીતે વિદેશ મોકલવામાં આવ્યા, જે વિદેશી ચલણ કાયદાનું ઉલ્લંઘન છે.

વેસ્ટ એશિયામાં શાંતિ છતાં શિપિંગ માર્કેટમાં આગ: સમુદ્રી ભાડા પહોંચ્યા રેકોર્ડ સ્તરે!

(એજન્સી) મુંબઈ | તા.08

પશ્ચિમ એશિયામાં તણાવ ઓછો થયો હોવા છતાં દરિયાઈ માર્ગે માલ મોકલવાનો ખર્ચ ઘટ્યો નથી. અમેરિકા, યુરોપ અને ખાડી દેશોમાં નિકાસ કરતા વેપારીઓ પર ખર્ચનું ભારણ વધ્યું છે.પશ્ચિમ એશિયામાં યુદ્ધની સ્થિતિ પહેલાં કરતાં થોડી શાંત થઈ છે, પરંતુ તેની અસર હજુ પણ વેપાર પર જોવા મળી રહી છે. ભારતમાંથી વિદેશમાં માલ મોકલવા માટે વેપારીઓએ હવે પહેલાં કરતાં ઘણા વધારે પૈસા ખર્ચવા પડી રહ્યા છે. ખાસ કરીને દરિયાઈ માર્ગે મોકલવામાં આવતા માલના ભાડામાં મોટો વધારો થયો છે. ભારતથી દુબઈના જેબલ અલી બંદર સુધી 40 ફૂટના એક કન્ટેનર મોકલવાનું ભાડું વધીને લગભગ 8,000 ડોલર થઈ ગયું છે. ભારતીય રૂપિયામાં આ રકમ લગભગ 7 લાખ થાય છે. યુદ્ધ પહેલાં આ જ ભાડું માત્ર 800 ડોલર એટલે કે લગભગ 70 હજાર હતું. જૂન-જુલાઈમાં પણ આ ભાડું લગભગ 5,500 ડોલર હતું. અમેરિકા અને યુરોપમાં પણ ભાડું ઘણું વધી ગયું છે. ભારતથી અમેરિકા 40 ફૂટનું કન્ટેનર મોકલવા માટે હાલમાં લગભગ 12,000 ડોલર એટલે કે 10.5 લાખથી વધુ ખર્ચ થાય છે. જૂન-જુલાઈમાં આ ખર્ચ લગભગ 6,000 ડોલર હતો. યુદ્ધ પહેલાં તે 3,000થી 3,500 ડોલર વચ્ચે હતો. યુરોપમાં પણ કન્ટેનર મોકલવાનું ભાડું વધીને 8,500 ડોલર થઈ ગયું છે. પહેલાં આ ખર્ચ લગભગ 2,000 ડોલર હતો. એટલે કે વેપારીઓ માટે વિદેશમાં માલ મોકલવો ઘણો મોંઘો બન્યો છે. યુદ્ધ દરમિયાન હોર્મુઝની સામુદ્રધુનીમાં જહાજોની અવરજવર અટકી હતી. ત્યારબાદ ઓગસ્ટથી જહાજોની અવરજવર ધીમે ધીમે શરૂ થઈ. હવે વધુ જહાજો આ વિસ્તારમાંથી પસાર થઈ રહ્યાં છે, છતાં ભાડામાં ખાસ ઘટાડો થયો નથી. તેના પાછળ અનેક કારણો છે

તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2083, કારતક સુદ -01

શેનજેન APEC સમિટ : ત્રણ મહાસત્તાઓનું સર્જાઈ રહેલું મહાજોડાણ

પુતિન સારી રીતે જાણે છે કે જો તેઓ વોશિંગ્ટન અને બેઇજિંગ સાથે સમાન સ્તરે વાર્તાલાપના ટેબલ પર બેસવામાં સફળ થશે, તો તે પશ્ચિમી પ્રતિબંધોની દીવાલોને તોડવા અને મોસ્કોને ફરીથી અનિવાર્ય વૈશ્વિક સત્તા સાબિત કરવા તરફનું મોટું પગલું સાબિત થશે : ટ્રમ્પની વિદેશ નીતિ 'અમેરિકા ફર્સ્ટ'ના પાયા પર ટકેલી છે, જ્યાં પ્રત્યેક બેઠકનો અર્થ અમેરિકન હિતો માટે શ્રેષ્ઠ વળતર મેળવવાનો હોય છે. ટ્રમ્પ માટે આ ત્રિપક્ષીય મંચ વેપાર ખાધ ઘટાડવા, ટેરિફની રણનીતિનો લાભ ઉઠાવવા અને વૈશ્વિક બજારોમાં અમેરિકાનું પ્રભુત્વ કાયમ રાખવા માટેનું સચોટ હથિયાર બની શકે છે : શી જિનપિંગ પોતાની ધરતી પર આ પ્રકારની ઐતિહાસિક બેઠકનું સફળ આયોજન કરીને આખી દુનિયાને એ સાબિત કરવા માંગે છે કે વૈશ્વિક રાજકારણની ધરી હવે પશ્ચિમથી ખસીને પૂર્વ તરફ આવી ચૂકી છે. ચીન પોતાને માત્ર આર્થિક મહાસત્તા તરીકે જ નહીં, પરંતુ વૈશ્વિક વિવાદોને ઉકેલવાની ક્ષમતા ધરાવતા એક સર્વોચ્ચ મધ્યસ્થી તરીકે પ્રસ્થાપિત કરવા આતુર છેપુતિન સારી રીતે જાણે છે કે જો તેઓ વોશિંગ્ટન અને બેઇજિંગ સાથે સમાન સ્તરે વાર્તાલાપના ટેબલ પર બેસવામાં સફળ થશે, તો તે પશ્ચિમી પ્રતિબંધોની દીવાલોને તોડવા અને મોસ્કોને ફરીથી અનિવાર્ય વૈશ્વિક સત્તા સાબિત કરવા તરફનું મોટું પગલું સાબિત થશે : ટ્રમ્પની વિદેશ નીતિ 'અમેરિકા ફર્સ્ટ'ના પાયા પર ટકેલી છે, જ્યાં પ્રત્યેક બેઠકનો અર્થ અમેરિકન હિતો માટે શ્રેષ્ઠ વળતર મેળવવાનો હોય છે. ટ્રમ્પ માટે આ ત્રિપક્ષીય મંચ વેપાર ખાધ ઘટાડવા, ટેરિફની રણનીતિનો લાભ ઉઠાવવા અને વૈશ્વિક બજારોમાં અમેરિકાનું પ્રભુત્વ કાયમ રાખવા માટેનું સચોટ હથિયાર બની શકે છે : શી જિનપિંગ પોતાની ધરતી પર આ પ્રકારની ઐતિહાસિક બેઠકનું સફળ આયોજન કરીને આખી દુનિયાને એ સાબિત કરવા માંગે છે કે વૈશ્વિક રાજકારણની ધરી હવે પશ્ચિમથી ખસીને પૂર્વ તરફ આવી ચૂકી છે. ચીન પોતાને માત્ર આર્થિક મહાસત્તા તરીકે જ નહીં, પરંતુ વૈશ્વિક વિવાદોને ઉકેલવાની ક્ષમતા ધરાવતા એક સર્વોચ્ચ મધ્યસ્થી તરીકે પ્રસ્થાપિત કરવા આતુર છેશેનજેન APEC સમિટના આયોજનને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે વૈશ્વિક મુત્સદ્દીગીરીના કેન્દ્રમાં એક જ પ્રશ્ન સૌથી વધુ ગુંજી રહ્યો છે, શું ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ, રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ એક જ ટેબલ પર આમને-સામને બેસીને વૈશ્વિક વ્યવસ્થાની નવી સીમારેખાઓ દોરશે? દક્ષિણ એશિયાથી લઈને પશ્ચિમી જગત સુધીના તમામ સત્તાના કોરિડોરમાં આ સંભવિત બેઠક અંગે ચાલી રહેલા પડદા પાછળના દાવપેચોએ જબરદસ્ત ઉત્તેજના જગાવી છે. આ માત્ર કોઈ પરંપરાગત બહુપક્ષીય વાર્તાલાપ નથી, પરંતુ ૨૧મી સદીના ભૂ-રાજકીય સમીકરણોને મૂળથી બદલી નાખવાની ક્ષમતા ધરાવતો સંભવિત ય્-ટ્ઠ મોરચો છે. વિશ્વના ત્રણ સૌથી શક્તિશાળી, પ્રભાવશાળી અને આક્રમક નેતાઓ જ્યારે એક જ છત નીચે એકઠા થાય છે ત્યારે સમગ્ર આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા પર તેના ઘેરા પ્રત્યાઘાતો પડવા અનિવાર્ય બની જાય છે.ચીનનું આધુનિક ટેકનોલોજીનું પાટનગર ગણાતું શેનજેન શહેર હાલ આ વૈશ્વિક રાજકીય નાટકના મુખ્ય મંચ તરીકે ઊભરી આવ્યું છે. પરંપરાગત રીતે APEC પરિષદ એશિયા-પેસિફિક ક્ષેત્રના આર્થિક સહયોગ, વેપાર વૃદ્ધિ અને સપ્લાય ચેઈનની સ્થિરતા માટે જાણીતી છે. પરંતુ આ વખતે પ્રાદેશિક આર્થિક સહકારના તમામ ઔપચારિક મુદ્દાઓ બાજુ પર ધકેલાઈ ગયા છે અને માત્ર અમેરિકા, ચીન અને રશિયા વચ્ચે ત્રિપક્ષીય શિખર વાર્તાલાપની શક્યતાનો મુદ્દો ચર્ચાની એરણે ચડ્યો છે. બંધ બારણે યોજાઈ રહેલી વાટાઘાટો અને વહીવટી સ્તરની ગુપ્ત બેઠકો સંકેત આપે છે કે બેઇજિંગ, મોસ્કો અને વોશિંગ્ટનના ટોચના મુત્સદ્દીઓ આ ઐતિહાસિક મુલાકાતને સાકાર કરવા માટે સતત મનોમંથન કરી રહ્યા છે.આ સંભવિત ત્રિપક્ષીય મહા-વાર્તા પાછળનું ગણિત અત્યંત ગૂંચવણભર્યું છે. ખાસ કરીને ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવ દ્વારા આપવામાં આવેલું સત્તાવાર નિવેદન કે આ ત્રણેય નેતાઓની મુલાકાત ગોઠવવા માટે ઝડપી કામગીરી ચાલી રહી છે, તે દર્શાવે છે કે રશિયા આ બેઠક માટે સૌથી વધુ ઉત્સુક છે. યુક્રેન સંઘર્ષ બાદ પશ્ચિમી દેશો દ્વારા લાદવામાં આવેલા આકરા પ્રતિબંધો અને આંતરરાષ્ટ્રીય એકલતાનો સામનો કરી રહેલા રશિયા માટે આ મંચ પોતાની ગુમાવેલી વૈશ્વિક પ્રતિષ્ઠા પુનઃસ્થાપિત કરવાની સોનેરી તક સમાન છે. પુતિન સારી રીતે જાણે છે કે જો તેઓ વોશિંગ્ટન અને બેઇજિંગ સાથે સમાન સ્તરે વાર્તાલાપના ટેબલ પર બેસવામાં સફળ થશે, તો તે પશ્ચિમી પ્રતિબંધોની દીવાલોને તોડવા અને મોસ્કોને ફરીથી અનિવાર્ય વૈશ્વિક સત્તા સાબિત કરવા તરફનું મોટું પગલું સાબિત થશે.

જૂનાગઢ મહાનગર ભાજપ ડોક્ટર સેલ દ્વારા ધન્વંતરિ પૂજન કરાયું



નરેન્દ્ર દવે જૂનાગઢ

ધનતેરસના પાવન પર્વ નિમિત્તે ભારતીય જનતા પાર્ટી, જૂનાગઢ મહાનગરના શ્રી ગિરનાર કમલમ કાર્યાલય ખાતે જૂનાગઢ મહાનગર ભાજપ ડોક્ટર સેલ દ્વારા ભવ્ય ધન્વંતરિ પૂજન કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે આરોગ્યના દેવતા શ્રી ધન્વંતરિજી નું વિધિવત્ પૂજન-અર્ચન કરી સૌએ તેમના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.કાર્યક્રમમાં શ્રી ગૌરવભાઈ રૂપારેલિયા સાથે ભાજપ ડોક્ટર સેલના સભ્યો ઉપરાંત સંગઠનના હોદ્દેદારો, પદાધિકારીઓ, વિવિધ મોરચા ના પ્રમુખશ્રીઓ અને મહામંત્રીશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.આ પવિત્ર અવસરે આરોગ્યના દેવતા ભગવાન શ્રી ધન્વંતરિજીના ચરણોમાં સર્વેના સુખ, સમૃદ્ધિ, ઉત્તમ સ્વાસ્થ્ય અને નિરોગી જીવન માટે મંગલ પ્રાર્થના કરવામાં આવી હતી.

ભરૂચમાં નિરાધાર અને જરૂરિયાતમંદો સાથે ખુશીઓની વહેંચણી, સાજીદ નવાબની સેવાકીય પહેલ

સેવા યજ્ઞ સમિતિ ખાતે મીઠાઈ વિતરણ કરી માનવતા અને સામાજિક સંવેદનાનો સંદેશ આપ્યો

મલેક યસદાની,ભરૂચ

સમાજના જરૂરિયાતમંદ અને નિરાધાર લોકોના જીવનમાં ખુશીની ક્ષણો લાવવાના હેતુથી



ભરૂચ શહેર ભાજપ લઘુમતી મોરચાના મહામંત્રી સાજીદ નવાબ અને તેમની ટીમ દ્વારા સેવાકીય પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી.ભરૂચની સેવા યજ્ઞ સમિતિ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં નિરાધાર અને જરૂરિયાતમંદ લોકો વચ્ચે મીઠાઈનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન સાજીદ નવાબે લોકો સાથે આત્મીયતાપૂર્વક મુલાકાત કરી તેમના સુખદુઃખની વાતો સાંભળી હતી અને તેમની સાથે ખુશીની પળો વહેંચી હતી.આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે સમાજમાં અનેક લોકો એવા છે, જેઓ વિવિધ પરિસ્થિતિઓને કારણે જીવનમાં મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. આવા લોકો સુધી પહોંચીને તેમની સાથે થોડો સમય વિતાવવો અને તેમના ચહેરા પર સ્મિત લાવવાનો પ્રયાસ કરવો એ પણ સમાજસેવાનું મહત્વપૂર્ણ કાર્ય છે.તહેવારો અને ખુશીના પ્રસંગોની ઉજવણી માત્ર પોતાના પરિવાર પૂરતી મર્યાદિત ન રહે, પરંતુ સમાજના વંચિત અને જરૂરિયાતમંદ વર્ગને પણ તેમાં સામેલ કરવામાં આવે તેવો સંદેશ આ કાર્યક્રમ દ્વારા આપવામાં આવ્યો હતો.સાજીદ નવાબ અને તેમની ટીમની આ પ્રવૃત્તિએ સામાજિક જવાબદારી, પરસ્પર સહકાર અને માનવતાના મૂલ્યોને ઉજાગર કર્યા હતા. રાજકીય જવાબદારીની સાથે સામાજિક સેવાકાર્યોમાં પણ ભાગીદારી નોંધાવવાના આ પ્રયાસની સ્થાનિક સ્તરે નોંધ લેવામાં આવી રહી છે.

રાજપીપલાની કોર્ટે ધારાસભ્ય ચૈતર વસાવાને નિર્દોષ છોડી મુકવા હુકમ કર્યો

રાજપીપલા | રાજપીપલા ની એડી . ચીફ. જ્યુ . મેજિસ્ટ્રેટ ની કોર્ટ માં ચાલેલા કેસ નં . 1086/2021 માં આરોપી ધારાસભ્ય ચૈતર વસાવા ને કોર્ટે નિર્દોષ જાહેર કરતા ચૈતર વસાવા ના સમર્થકો માં ખુશી ની લાગણી ફેલાઈ છે. પ્રાપ્ત માહિતી મુજબ મોવી ગામની ખાનગી માલિકી ની જમીન માં ગેરકાયદેસર બાંધકામ અંગે ગામના સરપંચ નોટિસ બજવણી માટે ગયા ત્યારે તેમની ઉપર ચૈતર વસાવા તથા અન્યો એ હુમલો કરી ઈજા પહોંચાડી હતી જે અંગે FIR થતા સદર કેસ રાજપીપલા ની કોર્ટ માં ચાલી જતા બચાવપક્ષ ના વકીલ કિશોર તડવી એ રજુ કરેલ પુરાવા, હાઈકોર્ટ સુપ્રીમકોર્ટ ના ચુકાદા અને ધારદાર દલીલો ને ધ્યાનમાં લઈ આરોપીઓ ને નિર્દોષ જાહેર કરતા ચૈતર વસાવા ના સમર્થકો માં ખુશી ની લહેર વ્યાપી ગઈ હતી . લોકચર્ચા મુજબ ચૈતર વસાવા ઉપર ખોટો કેસ કરવામાં આવ્યો હતો . જ્યારે એક ચર્ચા મુજબ આ કેસ ની કલમો જેવી કલમો વનકર્મી ના કેસ માં છે જેથી સુપ્રીમકોર્ટ માં તેમને જામીન મળી જશે તેવી. સૌને આશા બંધાઈ છે.

દિપોત્સવ નિમિતે શ્રીકષ્ટભંજનદેવ દાદાને સિલ્વર ડાયમંડ વાઘા અને ગલગોટાના ફુલોનો દિવ્ય શણગાર કરાયો



નરેન્દ્ર દવે જૂનાગઢ

સારંગપુર | સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણા વાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી તા. 08-11-2026ને રવિવારે શ્રીકષ્ટભંજનદેવ દાદાને સિલ્વર ડાયમંડ વાઘાનો અને ગલગોટ-ગુલાબના ફુલોનો દિવ્ય શણગાર કરાયો હતો. આ સાથે દાદાનું સિંહાસનને કેસરી અને પીળા ગલગોટાના ફુલોથી શણગાર્યું હતું. સવારે 05:30 કલાકે મંગળા આરતી તથા સવારે 07:00 શણગાર આરતી કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામી દ્વારા કરવામાં આવી હતી. સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. દિપોત્સવ નિમિતે ચોપડાપૂજન (શારદાપૂજન અને લક્ષ્મીપૂજન): સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાક દરમિયાન વેપારીઓ અને હરિભક્તો માટે સામૂહિક ચોપડા પૂજનનું આયોજન કરવામાં આવ્યું છે.સાંજે ૬:૩૦ સમૂહ સંધ્યા આરતીમાં હજારો દિવડાઓની આવશે, મંદિર અને પરિસરને રોશનીથી શણગારમા આવ્યું, મંદિર પરિસરને રોશની અને દીવડાઓના પ્રકાશથી ઝળહળતું કરવામાં આવશે તેમજ ભવ્ય આતશબાજીનું રાત્રે ૭:૩૦ થી ૮:૦૦ કલાકે આયોજન કરવામાં આવ્યું છે.

લોકસાહિત્યકાર માયાભાઈ આહીરના પુત્રની જમીન પચાવી પાડવાના આક્ષેપ સાથે રાજુલા પોલીસમાં ફરિયાદ



ધુડીયા આગરીયા ગામ નજીકની અંદાજે ૪ હેક્ટર જમીન પર ગેરકાયદે કબજાનો આક્ષેપ; જેતુભાઈ ધાખડા સામે લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન ૨૦૨૦ અધિનિયમ એક્ટ હેઠળ ગુનો નોંધાયો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ગુજરાતના જાણીતા લોકસાહિત્યકાર માયાભાઈ આહીરના પુત્રની જમીન પચાવી પાડવાનો મામલો સામે આવ્યો છે. આ મામલે ભરતભાઈ માયાભાઈ ભમર (આહીર), રહેવાસી બોરડા, તાલુકો તળાજા, જિલ્લા ભાવનગર દ્વારા રાજુલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, રાજુલા તાલુકાના ધુડીયા આગરીયા ગામ નજીક આવેલી જમીન, જેનો સર્વે નંબર ૧૧૬ પૈકી તથા જમીન નંબર ૫૩૭ દર્શાવવામાં આવ્યો છે, તે પૈકીની અંદાજે ૪ હેક્ટર જમીન પર ગેરકાયદેસર કબજો કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ફરિયાદ મુજબ, વર્ષ ૨૦૨૪થી જેતુભાઈ વીરાભાઈ ધાખડા દ્વારા આ જમીન પર ગેરકાયદેસર કબજો કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ છે. આ મામલે જમીનના માલિક ભરતભાઈ ભમર દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા પોલીસ સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી.સમગ્ર મામલે રાજુલા પોલીસ સ્ટેશન ખાતે લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટ-૨૦૨૦ની જોગવાઈઓ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.ગુજરાતના જાણીતા લોકસાહિત્યકાર માયાભાઈ આહીરના પરિવાર સાથે જોડાયેલા જમીન વિવાદનો મામલો પોલીસ ફરિયાદ સુધી પહોંચતાં રાજુલા પંથકમાં ચર્ચા જાગી છે. હવે પોલીસ તપાસમાં જમીન પરના કબજા અંગેની હકીકત અને સમગ્ર વિવાદની વિગતો બહાર આવશે.

સંખેડાના ઝંડા ચોક પાસે નદીમાં જવાના પગથિયાંની દિવાળી પહેલાં સફાઈ કરવામાં આવી

રિપોર્ટર .કમલેશ પટેલ. સંખેડા



સંખેડાના ઝંડા ચોક પાસે નદીમાં જવાના પગથિયાંની દિવાળી પહેલાં સફાઈ કરવામાં આવી. ડેપ્યુટી સરપંચ સુનિલ રાણા આ કામગીરી વખતે હાજર રહ્યા હતા.પગથિયાં પર લાંબા સમયથી જામેલી માટી, કચરો, ઝાડી-ઝાંખરા અને લપસણો કાદવ દૂર કરાયો. જેથી વૃદ્ધો, મહિલાઓ અને બાળકોને નદીમાં ઉતરવામાં તકલીફ ન પડે. દિવાળીના દિવસોમાં સંખેડા અને આસપાસનાં ગામોના લોકો નદી કિનારે ફરવા, સ્નાન કરવા અને કુદરતી વાતાવરણ માણવા આવે છે. આને ધ્યાનમાં રાખીને પગથિયાં અને આસપાસનો વિસ્તાર સાફ કરાયો.સુનિલ રાણાએ કહ્યું કે તહેવારોમાં સ્વચ્છતા જ સાચી ઉજવણી છે. લોકોની સુવિધા માટે ગામમાં આવી સફાઈ આગળ પણ ચાલુ રહેશે. તેમણે લોકોને પગથિયાં અને નદી કિનારો સ્વચ્છ રાખવા અપીલ કરી.સફાઈ પછી પગથિયાં અવરજવર માટે અનુકૂળ બન્યાં. સ્થાનિક લોકોએ કામગીરીને આવકારી અને ડેપ્યુટી સરપંચનો આભાર માન્યો.

જૂનાગઢ ની મિલન સંસ્થા દ્વારા વાક્ બારસ નિમિતે

સરસ્વતી પૂજન અને સંસ્થાના સ્થાનિક કવિઓનું સ્નેહમિલન અને કાવ્ય પઠન કાર્યક્રમ સંપન્ન થયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ ખાતેની સાહિત્ય માટે વર્ષોથી કાર્યરત એવી મિલન સંસ્થા દ્વારા તા.૦૫/૧૧)૨૦૨૬ના રોજ વાક્ બારસ નિમિતે સરસ્વતી પૂજન અને મિલન સંસ્થાના સ્થાનિક કવિઓનું સ્નેહમિલન અને કાવ્ય પાઠના કાર્યક્રમનું આયોજન જાણીતા કવિ ડૉ.ઉર્વીશ વસાવડાના અધ્યક્ષસ્થાને કરવામાં આવેલ. જેમાં મહેન્દ્રસિંહ પઢિયાર 'મરમી', રમેશ મહેતા, રાજેન્દ્ર ભટ્ટ, દિલીપ ધોળકિયા'શ્યામ', શૈલેષ ગઢવી, કમલેશ જેઠવા, મેહુલ વૈષ્ણવ, ચાર્વી દવે, સંધ્યા ભટ્ટ, શીતલ ચંદારાણા, વંદનાબેન દવે, તખતદાન ગઢવી, તેજસ બોરખતિયા, હિતેન્દ્રભાઈ ગઢવી તથા મુકેશ મહેતા ભાવકો હાજર રહેલ..કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને સરસ્વતી પૂજન દ્વારા કરવામાં આવી. ત્યારબાદ કવિઓ દ્વારા કાવ્ય પાઠ, કાવ્ય ચર્ચા કરવામાં આવેલ અંતે અલ્પાહાર બાદ સૌ છુટા પડેલા. મિલન સંસ્થાના કવિઓ દ્વારા દર મહિનાના ત્રીજા શુક્રવારે નિયમિત બેઠકનું આયોજન કરવામાં આવે છે.. આજથી આશરે 62 વર્ષ પહેલા આદરણીય કવિશ્રી રૂશ્વા મઝલુમી (પાજોદ દરબાર) અને કવિ શ્રી મનુભાઈ ત્રિવેદી, ગાફિલ, સરોદ દ્વારા સ્થાપિત સંસ્થા ગિરનારી ગઝલનો એક પર્યાય બની ચૂકી છે. કવિ શ્રી રાજેન્દ્ર શુકલ, શ્યામ સાધુ, મનોજ ખંઢેરીયા,બરબાદ જૂનાગઢી , પ્રફુલ્લ નાણાવટી, ગોવિંદ ગઢવી 'સ્મિત', વીરુ પુરોહિત, ડૉ. ઉર્વીશ વસાવડા, કવિ જવાહર બક્ષી જેવા અનેક નામાંકિત કવિઓ આપ્યા છે. ભવિષ્યમાં પણ મિલન સંસ્થા દ્વારા સાહિત્ય ક્ષેત્રે વિવિધ ઉપક્રમોનું આયોજન થાય તે માટે સંસ્થા કાર્યરત છે.

ટીંબી ગામે હોસ્પિટલ નજીક પાર્ક કરેલી કારમાં ભીષણ આગ લાગતા અફરાતફરી મચી





કિશોર આર. સોલંકી | જાફરાબાદ

હરિકૃષ્ણ હોસ્પિટલ પાસે કારમાં અચાનક આગ ભભૂકી ઊઠતાં અફરાતફરી, ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવાયો. જાફરાબાદ તાલુકાના ટીંબી ગામમાં હરિકૃષ્ણ હોસ્પિટલ પાસે પાર્ક કરેલી એક કારમાં અચાનક આગ લાગવાની ઘટના સામે આવી છે. કારમાં અચાનક આગ ભભૂકી ઊઠતાં આસપાસના વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી. કારમાં આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં આગ બુઝાવવા માટે પાણીનો મારો ચલાવવામાં આવ્યો હતો. ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં નાગેશ્રી પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને આગ લાગવાનું કારણ જાણવા તપાસ હાથ ધરી હતી. આગ લાગવાની આ ઘટનાને પગલે સ્થાનિક લોકો એકઠા થઈ જતા લાગેલી આગ ઉપર કાબુ મેળવવામાં સફળતા મળી હતી.

ભાવનગરમાં ₹650 કરોડના બે મહત્વના બ્રિજ પ્રોજેક્ટ્સની જાહેરાત

નેશનલ હાઈ-વેથી વરતેજ સુધી લંબાશે બ્રિજ, કુંભારવાડા ફાટક થશે કાયમ માટે બંધ



ભાવનગર | ભાવનગર શહેર અને જિલ્લાના વિકાસને નવી દિશા આપતા બે મહત્વાકાંક્ષી ઓવરબ્રિજ પ્રોજેક્ટ્સ અંગે રાજ્યના કૃષિમંત્રી અને ભાવનગર પશ્ચિમના ધારાસભ્ય જીતુ વાઘાણીએ મહત્વની જાહેરાત કરી છે. શહેરના ટ્રાફિક વ્યવસ્થાપનને સુવ્યવસ્થિત કરવા માટે દેસાઈનગરથી નારી ચોકડી થઈને વરતેજ સુધી આશરે 650 કરોડના ખર્ચે બનનારા વિશાળ ઓવરબ્રિજ માટે ઓનલાઈન ટેન્ડર પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. આ સાથે જ ઔદ્યોગિક અને શ્રમજીવી વિસ્તાર ગણાતા કુંભારવાડા ખાતે રેલવે ફાટકની વર્ષો જૂની સમસ્યાના કાયમી નિવારણ માટે 150 કરોડથી વધુના ખર્ચે અત્યાધુનિક ઓવરબ્રિજ બનાવવાની સત્તાવાર મંજૂરી આપવામાં આવી છે.કૃષિમંત્રીએ વિગતો આપતાં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યભરમાં માળખાકીય સુવિધાઓનો વ્યાપ વધી રહ્યો છે. ભાવનગરમાં અગાઉ નિર્મિત ઓવરબ્રિજનો લાભ લાખો નાગરિકો લઈ રહ્યા છે, ત્યારે હવે શહેરના પ્રવેશદ્વાર સમા દેસાઈનગરથી નારી ચોકડી ઉપર થઈને વરતેજ સુધી પહોંચતો એક વિશાળ ઓવરબ્રિજ આકાર લેશે. આ પ્રોજેક્ટમાં નેશનલ હાઈવે, માર્ગ અને મકાન વિભાગ (R&B) તથા મહાનગરપાલિકાનું સંયુક્ત સંકલન રહેશે. 650 કરોડના આ પ્રોજેક્ટનું ઓનલાઈન ટેન્ડર બહાર પડી ચૂક્યું છે અને વહીવટી પ્રક્રિયા પૂર્ણ થતાં જ ગ્રાઉન્ડ લેવલ પર કામગીરી શરૂ કરી દેવાશે. કુંભારવાડા વિસ્તારમાં મોટી સંખ્યામાં ગરીબ, મધ્યમવર્ગીય અને શ્રમજીવી પરિવારો વસે છે. આ ઉપરાંત અસંખ્ય નાના-મોટા ઉદ્યોગો અને કારખાનાં આવેલાં હોવાથી અહીં વાહનોની સતત અવરજવર રહે છે. રેલવે ફાટક વારંવાર બંધ થવાને કારણે સ્થાનિકોનો કિંમતી સમય વેડફાતો હતો અને ભારે ટ્રાફિક જામ સર્જાતો હતો. અગાઉ અંડરબ્રિજ બનાવવામાં આવ્યો હોવા છતાં સમસ્યા સંપૂર્ણપણે હલ થઈ નહોતી. દેશભરમાં ફાટક-મુક્ત વ્યવસ્થા ઊભી કરવાના અભિયાન અંતર્ગત હવે કુંભારવાડા ફાટક પર 150 કરોડથી વધુના ખર્ચે નવો ઓવરબ્રિજ બનાવવાનું નક્કી થયું છે. ટ્રાફિક સુગમ રહે તે માટે આ બ્રિજ પર વાહનોને ચઢવા અને ઉતરવા માટે અલગ-અલગ માર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે.આ પ્રોજેક્ટના અમલીકરણ પૂર્વે સમગ્ર રૂટનું સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મેયર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન, ડેપ્યુટી મેયર, શાસક પક્ષના નેતા અને મ્યુનિસિપલ કમિશનર સહિતના ઉચ્ચ પદાધિકારીઓની સંયુક્ત બેઠકમાં આ મહત્વપૂર્ણ લોકહિતનો નિર્ણય લેવાયો હતો. તમામ જરૂરી ટેકનિકલ મંજૂરીઓ અને પ્રક્રિયાઓ પૂર્ણ થતાં જ કુંભારવાડા ફાટક પર બાંધકામ શરૂ કરાશે, જેનાથી સ્થાનિક વેપારીઓ, શ્રમિકો અને વાહનચાલકોને કાયમી હાલાકીમાંથી મુક્તિ મળશે. ભાવનગર શહેર અને સમગ્ર જિલ્લાના આંતરમાળખાકીય અને ઔદ્યોગિક વિકાસને એક નવી ઊંચાઈ આપતા બે અત્યંત મહત્વાકાંક્ષી ઓવરબ્રિજ પ્રોજેક્ટ્સ અંગે રાજ્યના કૃષિમંત્રી અને ભાવનગર પશ્ચિમના ધારાસભ્ય જીતુ વાઘાણી દ્વારા એક મહત્વપૂર્ણ સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. શહેરના મુખ્ય પ્રવેશદ્વાર પર ટ્રાફિક વ્યવસ્થાપનને સુગમ બનાવવા માટે દેસાઈનગરથી નારી ચોકડી થઈને વરતેજ સુધી આશરે રૂ. ૬૫૦ કરોડના ખર્ચે બનનારા વિશાળ ઓવરબ્રિજ માટે ઓનલાઈન ટેન્ડરિંગ શરૂ કરી દેવાયું છે.

દિવાળી પૂર્વે જૂનાગઢ જિલ્લા પોલીસ અધીક્ષકશ્રીના માર્ગદર્શન હેઠળ રચાયેલી કમિટી દ્વારા મોડી રાત્રે 12:30 થી 2:00 વાગ્યા સુધી કામગીરી કરી 89 પોલીસ કર્મચારીઓને પ્રમોશનની ભેટ

નરેન્દ્ર દવે જૂનાગઢ

પોલીસ કર્મચારીઓના હિતને પ્રાધાન્ય આપી દિવાળીના પવિત્ર તહેવાર નિમિત્તે કર્મચારીઓ તથા તેમના પરિવારોમાં ખુશીનો માહોલ સર્જાય તેવા ઉમદા હેતુથી જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી સુબોધ ઓડેદરા, નાયબ પોલીસ અધિક્ષક શ્રી હિતેશ ધાંધલ્યા તથા જૂનાગઢ ગ્રામ્ય ના નાયબ પોલીસ અધિક્ષકશ્રી રવિરાજ સિંહ પરમારના માર્ગદર્શન હેઠળ તાત્કાલિક કમિટીની રચના કરવામાં આવી હતી. દિવાળી ના તહેવાર પૂર્વે જ પાત્ર પોલીસ કર્મચારીઓને બઢતીનો લાભ મળી રહે તે હેતુથી કમિટી દ્વારા વિશેષ કામગીરી હાથ ધરવામાં આવી હતી. ખાસ કરીને દિવાળી પૂર્વેની રાત્રે 12:30 કલાકથી 2:00 વાગ્યા સુધી મોડી રાત્રિએ કામગીરી કરી પ્રમોશન ની સમગ્ર પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી. આ કામગીરીમાં શીટ શાખાના કર્મચારી ઓએ પણ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. આ કામગીરીના પરિણામે કુલ 89 પોલીસ કર્મચારીઓને વિવિધ સંવર્ગમાં બઢતી (પ્રમોશન) આપવામાં આવી હતી.પ્રમોશનની વિગતો:1. UPC થી UHC - 44 કર્મચારીઓ. 2. UHC થી UASI - 36 કર્મચારીઓ. 3. APC થી AHC - 6 કર્મચારીઓ. 4. AHC થી AASI - 3 કર્મચારીઓ, કુલ - 89 કર્મચારીઓ.આ સમગ્ર કામગીરીમાં શીટ શાખાના નીચે મુજબના કર્મચારીઓનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું હતું: 1. શ્રી પિયુષ મેઘનાથી - સિનિયર ક્લાર્ક. 2. શ્રી પરીક્ષિત ગોહિલ - જુનિયર ક્લાર્ક. 3. શ્રી સુરેશ કાનગડ- જુનિયર ક્લાર્ક. 4. શ્રીમતી નૂતનબેન કાંગડ - UPC. 5. શ્રી રાજેશભાઈ ડેર - AHC. ઉપરોક્ત કર્મચારીઓએ પ્રમોશનની સમગ્ર પ્રક્રિયા સમયસર અને સુચારુ રીતે પૂર્ણ થાય તે માટે અત્યંત નિષ્ઠા, જવાબદારી અને સમર્પણભાવથી કામગીરી કરી હતી. ખાસ કરીને દિવાળી પૂર્વે મોડી રાત્રિ સુધી કામગીરી પૂર્ણ કરી તેમણે ફરજ પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આમ, જૂનાગઢ જિલ્લા પોલીસ દ્વારા કર્મચારીઓના હિત અને કલ્યાણને પ્રાધાન્ય આપી દિવાળીના તહેવાર પૂર્વે આપવામાં આવેલી આ પ્રમોશનની ભેટથી બઢતી મેળવનાર 89 કર્મચારીઓ તથા તેમના પરિવારોમાં આનંદની લાગણી પ્રસરી હતી. જિલ્લા પોલીસ અધીક્ષકશ્રી સુબોધ ઓડેદરા દ્વારા બઢતી મેળવનાર તમામ 89 પોલીસ કર્મચારીઓને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હત

મહેસાણા જિલ્લા પોલીસ બેડામાં ફેરફાર:106 કર્મચારીની આંતરિક બદલી, ASIથી લઈને હેડ કોન્સ્ટેબલને બદલીના સ્થળે તાત્કાલિક હાજર થવા સૂચના

મહેસાણા | દિવાળીના તહેવારોની પૂર્વ સંધ્યા 7 નવેમ્બર કાળી ચૌદશે મહેસાણા જિલ્લા પોલીસ વહીવટી તંત્ર દ્વારા મોટા પાયે આંતરિક ફેરફાર કરવામાં આવ્યા છે. જિલ્લા પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકીએ જાહેર હિત અને વહીવટી જરૂરિયાતોને ધ્યાનમાં રાખી જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનો અને શાખાઓમાં ફરજ બજાવતા 106 પોલીસ કર્મચારીઓની સાગમટે બદલીના હુકમો કરવામાં આવ્યો છે.SOG, LCB અને પોલીસ સ્ટેશનોમાં આંતરિક બદલીઆ બદલીઓમાં ASI, હેડ કોન્સ્ટેબલ, લોકરક્ષક અને પોલીસ કોન્સ્ટેબલ્સનો સમાવેશ થાય છે. પોલીસ બેડામાં એકસાથે મોટા પ્રમાણમાં કર્મચારીઓની આંતરિક બદલી થવાના કારણે પોલીસ વિભાગમાં ભારે ચર્ચા જાગી છે. મહેસાણા શહેરના



'એ' અને 'બી' ડિવિઝન પોલીસ સ્ટેશન, કડી, વિસનગર, ઉંઝા, બેચરાજી, ખેરાલું, વડનગર, નંદાસણ, લાંઘણજ તેમજ SOG અને LCB જેવી મહત્વની શાખાઓ અને પોલીસ સ્ટેશનો વચ્ચે કર્મચારીઓની ફેરબદલી કરાઈ છે.

કર્મચારીઓને તાત્કાલિક અસરથી બદલીના સ્થળે હાજર થવા સૂચના

આ હુકમ અંતર્ગત સંબંધિત પોલીસ સ્ટેશનો અને શાખાઓના ઈન્ચાર્જ અધિકારીઓને સૂચના આપવામાં આવી છે કે તેઓ તાત્કાલિક અસરથી બદલી પામેલા તમામ પોલીસ કર્મચારીઓને છૂટા કરી અને તેમની નવી જગ્યાએ હાજર થવા અંગેની જાણ કચેરીને સુનિશ્ચિત કરે. તહેવારોના દિવસોમાં જ પોલીસ વિભાગમાં થયેલા આ વહીવટી ફેરફારથી જિલ્લાના પોલીસ બેડામાં ભારે દોડધામ મચી ગઈ છે.

25 લાખ સુધીની નવી નોટો અને સિક્કાઓનું વિતરણ:મહેસાણા અર્બન કોઓપરેટિવ બેંકનું દિવાળી પર્વ પર વિશેષ આયોજન

મહેસાણા | મહેસાણા અર્બન કોઓપરેટિવ બેંક દ્વારા દિવાળી પર્વ નિમિત્તે ગ્રાહકો અને જાહેર જનતા માટે નવી અને છૂટી ચલણી નોટો તેમજ સિક્કાઓના વિતરણનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. તહેવારોની મોસમમાં બજારમાં કેશ અને ફ્રેશ નોટોની વધતી જતી જરૂરિયાતને ધ્યાનમાં રાખીને બેંક દ્વારા આ ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જેના ભાગરૂપે મહેસાણા ખાતે આવેલી બેંકની એસએમઈ બ્રાન્ચ પર નાની નોટો અને સિક્કાઓનું ખુલ્લું વિતરણ કરવામાં આવી રહ્યું છે. બેંક દ્વારા આજના દિવસ દરમિયાન અંદાજે 25 લાખ રૂપિયા સુધીની રોકડ રકમનું વિતરણ કરવાનો અંદાજ રાખવામાં આવ્યો છે, જેથી નાગરિકોને તહેવારોમાં છૂટા પૈસાની કોઈ અસુવિધા ન પડે.

આ અંગે મહેસાણા અર્બન કો-ઓપરેટિવ બેંકના સીઈઓ મહેશ બંસલે જણાવ્યું કે, અમારી બેંકની પરંપરા રહી છે કે અમે દર દિવાળીના તહેવાર પ્રસંગે નાના સિક્કાઓ અને નવી નોટોની



વિશેષ વ્યવસ્થા કરીએ છીએ, કારણ કે તહેવારોમાં તેની ભારે માંગ રહે છે. આ હેતુસર અમે મહેસાણા ખાતે અમારી એસ.એમ.ઈ. બ્રાન્ચ પર જાહેર જનતા માટે ખુલ્લામાં વિતરણની વ્યવસ્થા કરી છે. અમારો મુખ્ય ઉદ્દેશ્ય પબ્લિક તેમજ આપણા ખાતેદારો અને ગ્રાહકો જે પણ આવતા હોય તેમને મદદ કરવાનો છે, જેમાં તેમને 10 રૂપિયાના બંડલ અને પરચૂરણ સિક્કાઓ આપવામાં આવે છે.

આજના આ વિશેષ આયોજન અંતર્ગત અમે અંદાજે 25 લાખ રૂપિયા સુધીની રોકડ રકમનું વિતરણ કરવાનો ટાર્ગેટ રાખ્યો છે, જેથી તહેવારોમાં ગ્રાહકોની તમામ જરૂરિયાતો સરળતાથી સંતોષાઈ શકે.

પૂરઝડપે આવતી સ્વિફ્ટે એક્ટિવાને જોરદાર ટક્કર મારી:માથામાં ગંભીરઈજા પહોંચતા વૃદ્ધનું મોત, બહુચરાજીના રત્નવાટિકા સોસાયટી પાસે ગમખ્વાર અકસ્માત



મહેસાણા | મહેસાણાના બહુચરાજી તાલુકાના કાલરી ઉડોવાસ ગામે રહેતા અને ખેતી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા એક વૃદ્ધ અકસ્માતનો ભોગ બન્યા છે. બહુચરાજી-કાલરી રોડ પર આવેલી રત્નવાટિકા સોસાયટીની આગળ પુરઝડપે આવતી મારુતિ સ્વિફ્ટ કારના ચાલકે એક્ટિવા લઈને જતા વૃદ્ધને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર મળે તે પહેલા જ વૃદ્ધનું મોત નીપજ્યું હતું.

એક્ટિવા લઈને બહુચરાજી ખાતે કોઈ કામ અર્થે જઈ રહ્યા હતા

કાલરી ઉડોવાસ ગામે રહેતા ઘનશ્યામસિંહ જીવણજી પરાગજી સોલંકીના પિતા ગત તારીખ 06 નવેમ્બર 2026ના રોજ પોતાના ગામના સોલંકી સહદેવસિંહ અજીતસિંહનું એક્ટિવા લઈને કાલરીથી બહુચરાજી ખાતે કોઈ કામ અર્થે જઈ રહ્યા હતા. આ દરમિયાન તેઓ બહુચરાજી રત્નવાટિકા સોસાયટી પાસેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે પાછળથી પૂરઝડપે અને બેફામ રીતે આવી રહેલી મારુતિ સ્વિફ્ટ કારના ચાલકે પોતાના વાહનને ગફલતભરી રીતે ચલાવી એક્ટિવાને પાછળથી જોરદાર ટક્કર મારી હતી.

અકસ્માત સર્જાતા આસપાસના લોકો ભેગા થયા

કારની ટક્કર એટલી જોરદાર હતી કે એક્ટિવાચાલક વૃદ્ધ રોડ ઉપર ફંગોળાઈને પટકાયા હતા, જેના કારણે તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જાતા આસપાસના લોકો ભેગા થઈ ગયા હતા અને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી. ઈજાગ્રસ્તને બહુચરાજી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જો કે, હોસ્પિટલ પહોંચતા જ ફરજ પરના તબીબે તેમને તપાસીને મૃત જાહેર કર્યા હતા.

ફરાર કાર ચાલકની શોધખોળ હાથ ધરાઈ

ઘટનાની જાણ થતા જ મૃતકના પરિવારજનો અને સગાંસંબંધીઓ બહુચરાજી સિવિલ હોસ્પિટલ દોડી આવ્યા હતા. હોસ્પિટલ ખાતે વડીલના શબને મૃત હાલતમાં જોઈને પરિવારજનોમાં આક્રંદ છવાઈ ગયો હતો. આ મામલે મૃતકના પુત્ર ઘનશ્યામસિંહ સોલંકીએ બહુચરાજી પોલીસ સ્ટેશનમાં રૂબરૂ હાજર થઈને અકસ્માત સર્જનાર મારુતિ સ્વિફ્ટ કારના ચાલક વિરુદ્ધ કાયદેસરની ધોરણસરની ફરિયાદ નોંધાવી છે. પોલીસે હોસ્પિટલની વર્ધી અને ફિયાદીના નિવેદનના આધારે ગુનો નોંધીને અકસ્માત સર્જીને નાસી છૂટેલા કાર ચાલકને ઝડપી પાડવા માટે આગળની કાયદેસરની તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

જૂનાગઢ મનપા દ્વારા સફાઈ કામગીરી કરનાર કર્મચારીઓનું સન્માન:'સ્વચ્છ દિવાળી શુભ દિવાળી' અભિયાન અંતર્ગત 30 કર્મચારીઓને ₹.3 લાખના ચેકથી સન્માનિત કરાયા

જુનાગઢ | જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા 'સ્વચ્છ દિવાળી શુભ દિવાળી' અભિયાન અન્વયે એક વિશેષ સન્માન સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. દિવાળીના પવિત્ર તહેવારો દરમિયાન શહેરમાં સાફ-સફાઈની ઉત્તમ વ્યવસાળ જાળવી રાખીને સતત શ્રેષ્ઠ કામગીરી કરનાર સફાઈ કર્મચારીઓની મહેનતને બિરદાવવા માટે આ કાર્યક્રમ યોજાયો હતો.

આ વિશેષ સન્માન સમારોહ દરમિયાન સપ્ટેમ્બર તથા ઓક્ટોબર મહિનામાં પોતાની ફરજ દરમિયાન ઉત્કૃષ્ટ કામગીરી પ્રદર્શિત કરનાર કુલ 30 જેટલા મહેનતુ સફાઈ કર્મચારીઓની પસંદગી કરવામાં આવી હતી. આ તમામ કર્મચારીઓને પ્રત્યેક દીઠ રૂ.10,000 લેખે કુલ રૂ.3,00,000 ની રકમના ચેકનું વિતરણ કરીને તેમને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ સન્માન સમારોહના અવસરે પાલિકાના પદાધિકારીઓ, શહેરના અગ્રણીઓ તેમજ વિવિધ ક્ષેત્રોના મહાનુભાવો વિશેષ



ઉપસ્થિત રહ્યા હતા. જેમાં પાલિકાના મેયર, ચેરપર્સન, દંડક, શહેર પ્રમુખ, સેનિટેશન સમિતિના ચેરમેન તેમજ સ્વચ્છતા બ્રાન્ડ એમ્બેસેડર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત વાલ્મીકિ સમાજના પ્રમુખ અને સફાઈ કામદાર યુનિયનના પ્રમુખ પણ મોટી સંખ્યામાં હાજર રહીને સફાઈ કામદારોના આ સન્માન સમારોહને વધાવી લીધો હતો અને તેમનો ઉત્સાહ વધાર્યો હતો.

જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા લેવાયેલ આ લોકઉપયોગી અને પ્રોત્સાહક પગલાથી સફાઈ કર્મચારીઓમાં ભારે આનંદની લાગણી ફેલાઈ ગઈ હતી. તહેવારોની મોસમમાં પણ ખડેપહેરે રહીને શહેરને સ્વચ્છ અને સુંદર રાખવા માટે દિવસ-રાત મહેનત કરતા સફાઈ કર્મચારીઓને આર્થિક સહાય અને સન્માન મળવાથી તેમના મનોબળમાં મોટો વધારો થયો છે. પાલિકા તંત્ર દ્વારા આગામી દિવસોમાં પણ આ પ્રકારના પ્રોત્સાહક કાર્યો ચાલુ રાખવામાં આવશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે, જેથી શહેરમાં સ્વચ્છતા અભિયાનને વધુ વેગ મળી શકે.

જામનગરીઓ આજે ઉમંગ-ઉત્સાહભેર ઉજવશે દિવાળી:આભમાં રચાશે આતશબાજીની રંગોળી

જામનગર | છોટી કાશી જામનગર સહિત હાલારભરમાં વર્ષનો સૌથી મોટા તહેવાર દિવાળી પર્વને ઉજવવા માટે ભારે ઉત્સાહ જોવા મળે છે. ધનતેરસથી શરૂ થયેલો ખરીદીનો દૌર શનિવારે મધરાત સુધી યથાવત રહ્યો હતો.શહેરના તમામ મુખ્ય વિસ્તારોના જુદા જુદા માર્કેટોમાં સવારથી રાત્રી સુધી ખરીદારો ઉમટયા હોવાના દ્રશ્યો જોવા મળ્યા હતા.આજે બાળકો અને યુવાનો પરંપરાગત આતશબાજીની રંગત જમાવશે.

શહેરના બ્રાધન ચોક, ચાંદી બજાર, સુપર માર્કેટ, રણજીત રોડ ઉપરાંત ત્રણ બતી, પંડીત નહેરૂમાગ સહિત જુદા જુદા વિસ્તારોમાં ગ્રાહક વર્ગની ખાસ્સી અવર જવર જોવા મળી હતી.

ચાંદી બજાર વિસ્તારમાં ધનતેરસ પર્વે લોકોએ શુકનરૂપ સોના-ચાંદીના આભુષણો વગેરેની ખરીદી કરી હતી.જયારે છેલ્લા ત્રણ દિવસથી અન્ય તમામ વિસ્તારોની બજારોમાં ફટાકડા, કપડા,મીઠાઈ-ફરસાણ, તોરણ, મુખવાસ વગેરે સહિત ગૃહઉપયોગી



વસ્તુઓ ખરીદવા શહેરીજનો ઉમટી પડયા હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા.

આજે શહેરીજનો દિપોત્સવી પર્વની પરંપરાગત ઉજવણી કરશે જેમાં વેપારીઓ દ્વારા શાસ્ત્રોકત રીતે ચોપડા પુજન કરાશે.ઘેર ઘેર દિપ પ્રગટાવી માતા લક્ષ્મ

જે સાથે મીઠાઈ-નમકીન વગેરેની આપ લે દ્વારા દિપોત્સવી પર્વારંભ સાથે રાત્રે બાળકો ખાસ કરી યુવા વર્ગ અવનવા ફટાકડા સાથે આતશબાજી કરશે.

જૂનાગઢ સિવિલમાં વ્હીલચેર-સ્ટ્રેચરના અભાવે દિવ્યાંગ મહિલા રઝળ્યા:જમીન પર ઢસડાતા ચાલવાનો વારો આવ્યો, હોસ્પિટલ સ્ટાફ માનવતા ભૂલ્યો

જુનાગઢ | રાજકોટ સિવિલ હોસ્પિટલની અગાઉ બનેલી અસંવેદનશીલ ઘટનાની જેમ જ હવે જુનાગઢ સિવિલ હોસ્પિટલમાંથી પણ એક અત્યંત શરમજનક અને નિષ્ઠુર મામલો સામે આવ્યો છે. કરોડો રૂપિયાના જંગી ખર્ચે તૈયાર થયેલી અને આધુનિક સાધનોથી સજ્જ હોવાનો દાવો કરતી જુનાગઢ સિવિલ હોસ્પિટલમાં સાધનો ઉપલબ્ધ હોવા છતાં સામાન્ય દર્દીઓની હાલત બેહાલ બની ગઈ છે.હોસ્પિટલમાં સ્ટ્રેચર અને વ્હીલચેરના અભાવે એક દિવ્યાંગ મહિલાએ રસ્તા પર ઢસડાતા ચાલવાનો વારો આવ્યો. વીડિયો વાઈરલ થયા બાદ સિવિલ સુપ્રિટેન્ડન્ટ તપાસનો આદેશ આપ્યો છે.વાયરલ વીડિયોમાં એક અશક્ત અને દિવ્યાંગ મહિલા દર્દી સારવાર માટે હોસ્પિટલ પહોંચી હતી, પરંતુ હોસ્પિટલ તંત્ર દ્વારા તેને સ્ટેચર કે વ્હીલચેરની પ્રાથમિક સુવિધા પણ આપવામાં આવી નહોતી. જેના કારણે તે દિવ્યાંગ મહિલા દર્દીને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો અને સ્ટેચર વિના જ હેરાન-પરેશાન થવાનો વારો આવ્યો હતો. પીડિત મહિલા દર્દી હોસ્પિટલના સિક્યુરિટી જવાનો પાસે મદદની ગગડતી રહી પરંતુ ત્યાં હાજર સિક્યુરિટી સ્ટાફ દ્વારા તેની સામે જોવામાં પણ આવ્યું નહોતું અને સાવ ઉદાસીનતા દાખવવામાં આવી હતી.સિક્યુરિટી ગાર્ડ્સ દ્વારા કોઈ જ મદદ ન મળતા આ લાચાર અને અસક્ત મહિલા દર્દીએ પોતાની વેદના સાથે ઢસડાતા પગે જાતે જ જમીન પર ચાલીને સિક્યુરિટી પાસે મદદ માંગવાની ફરજ પડી હતી. હોસ્પિટલ જેવા સંવેદનશીલ સ્થળે બનેલી આ



અસંવેદનશીલ ઘટનાને લઈને દર્દીઓ અને નાગરિકોમાં રોષ ફેલાયો છે.આ સમગ્ર ગંભીર મામલે જૂનાગઢ સિવિલ હોસ્પિટલના સુપરિટેન્ડન્ટ ડૉ. ભૂત બ્રહ્મભટ્ટ સાથે ટેલિફોનિક વાતચીત કરતા તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે આ ક્યારેય પણ યોગ્ય અને ચલાવી લેવાય તેવી બાબત નથી.હોસ્પિટલના તમામ સ્ટાફને સ્પષ્ટ સૂચના અને ટ્રેનિંગ આપવામાં આવેલી છે કે કોઈપણ વ્યક્તિ જ્યારે અસક્ત હાલતમાં હોસ્પિટલમાં આવે અને જો તંત્રના ધ્યાને આવે તો તે દર્દી કદાચ સામેથી સ્ટ્રેચર ન માંગે તો પણ તેને તાત્કાલિક ધોરણે સ્ટ્રેચર કે વ્હીલચેર પૂરી પાડવામાં આવે. હોસ્પિટલમાં તમામ સુવિધાના સાધનો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ હોવા છતાં જો આવી બેદરકારી સામે આવી છે, તો આ બાબતે ઊંડાણપૂર્વક યોગ્ય તપાસ કરવામાં આવશે અને કસૂરવાર કે જવાબદાર વ્યક્તિઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

ટૂંકીવાર્તા : તૂટેલા સપનાઓ.....

નીરજાદીદી!! તું સાવ કેમ આવી વિચિત્ર છો? તદન એન્ટોમેન્ટિક અને નીરસ, ક્યારેય તને લાઈફ માં પ્રેમ નથી થયો લાગતો એટલે.તને લાઈફ માં એક વાર પ્રેમ નો અનુભવ અને સ્પર્શ થશે ત્યારે પ્રેમ એટલે શું નો સાચો અર્થ સમજાશે?

નીરજા એ રૂપક ની સામુ સહેજ સ્માઈલ કરતા કહ્યું કે ઓહ!! રૂપક,ખરેખર તુ આવું માને છે પરંતુ પ્રેમ બાબત એ મારા વિચારો તારા વિચારો સાથે મેળ નથી ખાતા. લગ્ન ના ત્રીસ વષ થી પ્રેમ ની વ્યાખ્યા શોધવા મથી રહી છું પરંતુ હજુ સુધી શોધી શકી ન થી . સોરી!!રૂપક,તારી નીરજા ને પ્રેમ ક્યારેય થશે જ નહી, તને પ્રશ્ન થશે કેમ? સ્ત્રી ઓ લાગણીશીલ હોય છે એટલે મનથી પ્રેમ કરતી હોય છે. સ્ત્રીને મન ની પ્રેમની વ્યાખ્યા એટલે અંતર ની ઊર્મિ અને મનની ખુશી નો સરવાળો હોય છે. બાદબાકી કે ભંગાકર કરતા સ્ત્રીઓ ને આવડતું હોતું નથી જો આવડતું હોત તો લગ્ન સંસ્થા ન હોત તો આપોઆપ ગૃહસ્થ જીવન ની બાદબાકી થઈ ગઈ હોત. ઊંડો નિસાસો નાખતા નીરજા બોલી કે રૂપક,પુરુષ ના માટે પ્રેમની વ્યાખ્યા એટલે સેક્સ.. સેક્સસેક્સ આ સિવાઈ અન્ય ખાસ હોતું નથી.સ્ત્રીઓ કરતા પુરુષો ને લગ્ન બાદ આજીવન બેડ,પરિવાર,બાળકો અને બુઝુર્ગો ની પગાર વગર ની નોકરાણી મળી જતા લોટરી લાગી જતી હોય છે. પુરુષ ના મુખે થી આઈ લવ યુ શબ્દ સાંભળી ને સ્ત્રી નું અંતર ઊર્મિઓ ખીલી ઊઠતા એ પોતાનું સર્વસ્વ પ્રેમથી અર્પણ કરી દેતી હોય છે.પરંતુ પુરુષ ના સ્વાર્થ માં બોલાયેલ લવ યુ શબ્દ ની પાછળ "નીડ યુ"વધારે છુપાયેલ હોય છે. આ અનુભવે સમજાયું કે પુરુષનો વિશ્વાસ કરવો એ પાણી માં દેખાતા દ્રશ્ય જેવું હોય છે. સહેજ સ્માઈલ કરતા રૂપક બોલી કે ઓહો!!દીદી,તું કેટલી બધી ખુબ કઠણ હદય ની અનેરોમેન્ટિક પ્રાણી છો.મને તો એ જ સમજાતું નથી કે બે દીકરા ની મમ્મી હોવા છતાંય તું જીજુ ને પ્રેમ કરતી નથી..કેમ?..આ વાત સાંભળી ને આશ્ચર્ય થાય છે.

રૂપક ના શબ્દો ની અસર નીરજા ના દિલમાં ઊંડે ઊંડે તીરની માફક ખૂંચતા ને ઉપ વર્ષ પહેલા બનેલ ઘટનાઓ એક પછી એક માનસપટ પર આવતા એ એના વિચારો માં ખોવાઈ ગઈ.. નીરજા..નીરજાનીરજા ક્યાં છો?

બેટા

શું કરે છે?

બેટા!! આજ ૧૨માં ધોરણ નું રિઝલ્ટ આવવાનું છે જલ્દી નીચે આવ..

રિઝલ્ટ આવવાની ખુશી એટલી બધી હતી ને કે સવાર થી રેડી થઈને જ બેઠી હતી. પર્સ ને ખંભે લટકાવી ને દાદરા તરફ આવી ને નીચે પગલું મૂકવા જતી હતી ત્યાં મમ્મી ના અવાજે પગ ત્યાં ને ત્યાં સ્થિર થઈ ગયા હતા.

પપ્પા ને મમ્મી ધીમા આવજે કહેતી હતી કે નીરુ ના પપ્પા મારી વાત કાન ખોલી ને સાંભળી લ્યો. કદાચ નીરુ સેન્ટર ફર્સ્ટ આવી તો પણ એનું એડમિશન આર્ટસ માં ગર્લ્સ કોલેજ માં લેવાનું છે સમજ્યા.જમાનો ખૂબ ખરાબ આવ્યો છે એટલે ગ્રેજ્યુએટ બાદ નીરજા ને સાસરે જ વળાવી દઈશું સ મ જ ય ા . ત્યારે પપ્પા એ સહેજ ગુસ્સે થઈને મમ્મી પર ભડકતા કહ્યું હતું કે તમને ખબર ના પડે તમારા જમાના ની વાત અલગ હતી અત્યારે તો ભણતર દીકરીઓ ના જીવન નું સુખ દુઃખ માં કામ આવતું એકમાત્ર સાથ છે.જો ૧૨ નું પરિણામ મારા ધાર્યા પ્રમાણે આવ્યું ને તો મારી નીરુ ને સી.એ બનાવી ને પગભર કરવી છે.

પપ્પા ની વાત સાંભળતા જ મમ્મી ભડકી ને બોલી હતી કે ખબર દાર સી.એ ના ચોચલા નીરુ માટે પાળીયા છે તો, પિયર જતી રહીશ.કેટલુંય માનવશો તો પણ એક માનીશ નહી.અરે!!દીકરીઓ લગ્ન બાદ સાસરું શોભાવે તો પિયર અને સાસરું બન્ને જગ્યા એ અજવાળા કરે છે. ભણ્યા કે ન ભણ્યા અંતે તો દીકરીઓ ના ભાગે ઘરબાર જ સંભળાવા નું જ આવતું હોય છે. આપણા સરકારી



- રુપાલી દવે

નોકરી કરતા માલતી બેન ને નોકરી સાથે ઘર ના કામ પણ કરવા પડે છે.સુરેશ કુમાર એને ઘરના એકપણ કામ માં મદદ કરતા નથી એટલે તો માલતી બેન ચાલીશ વર્ષે પંચાવન ના લાગવા માંડ્યા છે. ભણાવવા ને બદલે નીરુ ઘરકામ શીખશે તો સાસુ ના મેણા ઓછા સાંભળવા પડશે નહી.. મારું માનો તો ગ્રેજ્યુએટ થયા બાદ સારા પરિવાર નો મુરતિયા દેખી ને એની સાથે નીરુ



ના હાથ પીળા કરી નાખવાના.. નાની ઉંમરે દીકરીઓ સાસરે જલ્દી સેટ થઈ જતી હોય છે નીરુ એના પતિ નું ઘર સાંભળે એમાં જ આપણા બન્ને ની ભલાઈ છે મમ્મી પપ્પા ની વાત સાંભળતા જ પરિણામ લેવા જવાના ઉત્સાહ માં ફેવરિટ કલર ના રેડ શર્ટ અને બ્લુ જીન્સ માં રેડી તો થઈ હતી પણ સી.એ નું સ્વપ્નું દફન થઈ જશે ને ગ્રેજ્યુએટ બાદ લગ્ન ની વાત સાંભળતા જ પરિણામ લેવા જવાનો આનંદ ઓસરી ગયો હતો.ત્યારે થયું હતું કે મોટી થી ચીસ પાડી ને મમ્મી ને બોલી દઉ કે મારે લગ્ન કરવા નથી લગ્ન કરશો તો આત્મહત્યા કરી લઈશ..પણ..પણ. ના બોલી શકી.ત્યારે મનમાં ને મનમાં રડતી રહી હતી.ઓહ!!સોરી..સોરી.. મગજ માંથી સાવ નીકળી ગયું હતું કે દીકરીઓને આત્મ હત્યા કરવા માટે પણ સો વાર વિચાર કરવા પડે છે,કેમ?.આત્મ હત્યા નો વિચાર કરતા પહેલા પણ પ્રથમ "મમ્મી" વિશે વિચાર આવતા નિર્ણય અવઢવ માં થતો નથી. સ્કૂલ ના પ્રિન્સીપાલ એ માઈક પકડી ને જાહેરાત કરી કે ધોરણ ૧૨ કોમર્સ ના પરિણામ માં નીરજા રૂપસિંહ ઠાકોર એ સ્કૂલ નું નામ રોશન કર્યું છે. સ્કૂલમા ટોપ સેન્ટર માં ફર્સ્ટ અને બોર્ડ માં પાંચમાં નંબર પર આવેલ નીરજા રૂપસિંહ ઠાકોર ને ખૂબ ખૂબ અભિનંદન. માઈક માં પરિણામ ની ઘોષણા થતાંજ ઢોલ નગારા સાથે સ્કૂલ સાથે નીરજા નો વિજય સેલિબ્રેટ થતાંજ પ્રિન્સિપાલ સહિત બધાએ તાળીઓ ના ગડગડાટ માં નીરજા ઠાકોરને અભિવાદન આપ્યું હતું. સાચું કહું ત્યારે ઢોલ નગારાના પડઘમ માં થઈ રહેલ નીરજા ઠાકોર નું માનસન્માન નું આયુષ્ય મને એકજ દિવસ પૂરતું લાગતું હતું.ખબર છે કે આવનાર દિવસો સોનેરી કે સુવર્ણ નથી,કેમ? સીએ ના સ્વપ્ના પૂરા થવાના નથી અને મમ્મીની જીદના લીધે ગ્રેજ્યુએટ થયા બાદ લગ્ન કરવાના છે. ખબર નહી કેમ? પરિણામ ની ઘોષણા થઈ ત્યારે સ્કૂલ માં થતા દીકરી ના માનસન્માન વખતે પપ્પા ના મુખ પર ખાસ ઉત્સાહ નહતો દેખાતો.શું કરે એ પણ.. મમ્મી એ મારા પપ્પા ના સ્વપ્ના ની હત્યા કરી નાખી હતી એટલે એના મુખ પર ઉત્સાહ નહતો દ ે ખ ા ત ો . જ્યારે મારી ફ્રેન્ડ ધારીની ના પપ્પા એ મારા પપ્પા ને પૂછ્યું ને કે નીરજા આગળ શું ભણાવશે? સી એ કે સી.એસ.ત્યારે પપ્પા પાસે અંકલ ને આપવાનો જવાબ નહોતો. બિચારા મારા પપ્પા ત્યારે કેટલા દયનીય લાગતા હતા એનો ચહેરો જોતા લાગતું હતું કે કાશ હું ૧૨ કોમર્સ માં ફેલ થઈ હોત તો કેટલું સારું થાત. સાચું તો છે ૧૨કોમર્સ માં ફેલ થઈ હોત તો લગ્ન બાદ જીવન થોડું ઘણું આસન લાગ્યું હોત.અધૂરા સ્વપ્ના સાથે જીવન જીવવું એ સાપસીડી ની રમત કરતા પણ અઘરું લાગે છે.બી કોમ માં ત્રણેય વર્ષ યુનિવર્સિટી ફર્સ્ટ આવી ત્યારે પણ મનમાં ખુશી થતી નહતી,મારા મનની બધી ખુશીઓ મરી પરવારી હતી. પપ્પા ને એની નીરજા ની કેરિયર બનાવી હતી પરંતુ એનું ચાલ્યું નહીં એટલે અંતે મમ્મી ની લાગણીઓને વશ થઈને નીરજા ને બેન્ક ના કલાર્ક જગત મહેતાની સાથે લગ્ન કરી ને સાસરે ગઈ એ બાદ સ્કૂલ કોલેજ ની ટોપર નીરજાનું અસ્તિત્વ "પતિસેવા" માં એવું તો ગુમ થઈ ગયું છે ને કે સેવેલા સપના ની માફક ખુદ ને જ ભૂલી ચૂકી છે

અમિતાભના હાથમાં બોમ્બ ફૂટ્યો, શાહરુખે જેકેટથી આગ ઠારી; સેલિબ્રેશનમાં સેલેબ્સના યાદગાર

દિવાળી પર માધુરીનાં વાળ સળગી ગયાં!



નવી દિલ્હી | આજે દેશ આખામાં ધામધૂમથી દિવાળી ઉજવાઈ રહી છે. સામાન્ય માણસથી લઈને બોલિવૂડ સેલિબ્રિટીઝ સુધી દરેક જણ દિવાળીની ઉજવણી કરી રહ્યા છે.

આ ખાસ પ્રસંગે વાંચો હિન્દી સિનેમાના દિગ્ગજ કલાકારો–અમિતાભ બચ્ચન, શાહરુખ ખાન, માધુરી દીક્ષિત અને પ્રિયંકા ચોપરા સાથે દિવાળી પર બનેલા યાદગાર પ્રસંગો અને જુઓ 10 અનસીન તસવીરો.

અમિતાભના હાથમાં ફટાકડો ફૂટ્યો હતો, ઈજાગ્રસ્ત હાથ ખિસ્સામાં છુપાવ્યો હતો

બોલિવૂડના મહાનાયક અમિતાભ બચ્ચને પોતાના બ્લોગમાં દિવાળીના એક મોટા અકસ્માતનો ઉલ્લેખ કર્યો હતો. દિવાળીના દિવસે ફટાકડા ફોડતી વખતે તેમના હાથમાં જ એક બોમ્બ ફૂટી ગયો હતો, જેના કારણે તેમનો જમણો હાથ ગંભીર રીતે દાઝી ગયો હતો.

અંગૂઠા અને આંગળીઓની મૂવમેન્ટ સામાન્ય થવામાં તેમને બે મહિનાથી વધુ સમય લાગ્યો હતો. તે દરમિયાન ફિલ્મોનું શૂટિંગ અટકવા ન દેવા માટે તેમણે એક અનોખો રસ્તો શોધી કાઢ્યો.

ફિલ્મ 'ઈન્કલાબ'ના શૂટિંગ દરમિયાન તેમણે હાથ પર રૂમાલ બાંધ્યો હતો અને ફિલ્મ 'શરાબી' દરમિયાન પોતાનો ઈજાગ્રસ્ત હાથ પેન્ટના ખિસ્સામાં રાખીને દશ્યો શૂટ કર્યા હતા. દર્શકોએ તેને તેમની નવી સ્ટાઈલ માની લીધી હતી.

ફટાકડાના કારણે માધુરીના વાળ બળી ગયા હતા

એક્ટ્રેસ માધુરી દીક્ષિતે એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે બાળપણની એક દિવાળીએ તેમની સાથે દુ:ખદાયક અકસ્માત થયો હતો. તેઓ પોતાની સહેલીઓ સાથે ફટાકડા ફોડી રહ્યાં હતાં, ત્યારે એક છોકરાએ તેમના હાથમાં પકડેલો ફટાકડો સળગાવી દીધો.


ફટાકડો ઝડપથી ફૂટ્યો અને તેના તણખાં વાળ સુધી ઉડ્યાં. સદનસીબે તેમનો ચહેરો બચી ગયો, પરંતુ ઘણા વાળ બળી જવાને કારણે તેમને થોડા સમય માટે ટાલ સાથે રહેવું પડ્યું હતું. આ અકસ્માત બાદથી માધુરી દિવાળીએ હંમેશાં ફટાકડાઓથી અંતર જાળવી રાખે છે.

લહેંગામાં આગ લાગી, શાહરુખે જેકેટથી ઠારી

2019માં અમિતાભ બચ્ચનના ઘરે 'જલસા'માં આયોજિત દિવાળીની પાર્ટી દરમિયાન એક મોટી દુર્ઘટના ટળી ગઈ હતી. મીડિયા અહેવાલો મુજબ, પાર્ટીમાં ઐશ્વર્યા રાયની મેનેજર અર્ચના સદાનંદનો લહેંગો એક દીવાના સંપર્કમાં આવતાં સળગવા લાગ્યો. ત્યાં હાજર એક્ટર શાહરુખ ખાને તરત જ પોતાની જેકેટ ઉતારી અને તેની મદદથી આગ ઠારી દીધી. આ દરમિયાન શાહરુખ ખાનનો હાથ પણ સહેજ દાઝી ગયો હતો, પરંતુ તેની સમજદારીથી એક મોટી દુર્ઘટના ટળી ગઈ.

હોસ્પિટલના રૂમમાં પ્રિયંકાની દિવાળી પસાર થઈ

એક્ટ્રેસ પ્રિયંકા ચોપરાએ પણ પોતાના એક ઈન્ટરવ્યૂમાં દિવાળી સાથે જોડાયેલી એક ભાવનાત્મક વાત શેર કરી હતી. જ્યારે પ્રિયંકાના પિતા ડૉ. અશોક ચોપરા કેન્સરની સારવાર માટે અમેરિકાની હોસ્પિટલમાં દાખલ હતા, ત્યારે બહાર લોકો દિવાળીની ઉજવણી કરી રહ્યા હતા.પ્રિયંકા હોસ્પિટલના રૂમમાં બેસીને પોતાના પિતાના સફળ ઓપરેશન માટે પ્રાર્થના કરી રહી હતી. ઓપરેશન સફળ થયા બાદ જ્યારે તેઓ ઘરે પરત ફર્યા, ત્યારે પરિવારે પિતાની સલામતીની ખુશીને દિવાળીની જેમ ઉજવી. પ્રિયંકાએ જણાવ્યું કે તે દિવસે તેમને અહેસાસ થયો કે પોતાના લોકોનું સારું સ્વાસ્થ્ય જ સૌથી મોટી દિવાળી છે.આર.કે. સ્ટુડિયોની દિવાળીના કિસ્સાઓ અને 10 અનસીન તસવીરોહવે, જુઓ જ્યારે સમગ્ર ફિલ્મ ઈન્ડસ્ટ્રી દિવાળીની ઉજવણી કરવા માટે દિગ્ગજ એક્ટર રાજ કપૂરના આર.કે. સ્ટુડિયોમાં ભેગી થતી હતી.



૧૮ મહિનાનું સંશોધન અને ૧૫૦ કારીગરોની મહેનત:

ફિલ્મ 'રામાયણ' માટે જયપુરમાં તૈયાર થયા ૪૫૦૦ વિશેષ આભૂષણો

નવી દિલ્હી | રણબીર કપૂર, સાઈ પલ્લવી અને કેજીએફ ફેમ યશ સ્ટારર મહાકાય ફિલ્મ 'રામાયણ' સિનેમાઘરોમાં રિલીઝ થઈ ચૂકી છે. આશરે ૪ હજાર કરોડ રૂપિયાના અભૂતપૂર્વ બજેટમાં નિર્માણ પામેલી આ ફિલ્મમાં પ્રભુ શ્રીરામનો ભવ્ય મુગટ, માતા સીતાના કુંડળો અને કંકણથી લઈને લંકાપતિ રાવણના અત્યંત વૈભવશાળી જ્વેલરી કલેક્શને દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમમાં ભારે આકર્ષણ જમાવ્યું છે. આ તમામ રાજસી અને પ્રાચીન કાળના ઘરેણાં રાજસ્થાનની પિંક સિટી જયપુર ખાતે તૈયાર કરવામાં આવ્યા છે.

જયપુર કનેક્શન અને ૧૮ મહિનાનું ભગીરથ કાર્ય

રામાયણ ફિલ્મ ૪૫૦૦ ઘરેણાં જયપુર ૨૦૨૬ ની પૃષ્ઠભૂમિ અંગે વિગતો આપતાં જાણવા મળ્યું છે કે, ફિલ્મની નિર્માતા ટીમે આશરે ૩ વર્ષ પહેલાં જયપુરની વિશ્વવિખ્યાત જ્વેલરી બ્રાન્ડ 'આમ્રપાલી' નો સંપર્ક કર્યો હતો. જયપુરની સદીઓ જૂની રોયલ જ્વેલરી પરંપરા, ઉત્તર અને દક્ષિણ ભારતીય કલાના કલેક્શન જોઈને તરત જ આ ઓર્ડર ફાઈનલ કરાયો હતો.

આ વિશાળ પ્રોજેક્ટ માટે જયપુરના ૨૫ વરિષ્ઠ જ્વેલરી ડિઝાઈનરો અને ૧૫૦ થી વધુ કુશળ કારીગરોએ સતત ૧૮ મહિના સુધી સંશોધન અને નિર્માણ કાર્ય કર્યું હતું. પ્રાચીન મંદિરકલા, શિલાલેખો, મૂર્તિકલા અને રામાયણ કાળના સ્થાપત્યનો ઊંડો અભ્યાસ કર્યા બાદ એક-એક દાગીનાને અંતિમ આકાર આપવામાં આવ્યો હતો.

પ્રાંત અને વ્યક્તિત્વ મુજબ જ્વેલરી ડિઝાઇનિંગ

રણબીર કપૂર સાઈ પલ્લવી યશ રામાયણ જ્વેલરી ની વિશેષતા એ છે કે ફિલ્મમાં દરેક પ્રદેશની કલાત્મકતા અલગ રીતે છતી થાય છે:

અયોધ્યા (ભગવાન રામ - રણબીર કપૂર): અયોધ્યાના આભૂષણોમાં ક્ષત્રિય પ્રતાપ, રોયલ ઠાઠ અને રાજસી ભવ્યતા દર્શાવવામાં આવી છે.

મિથિલા (માતા સીતા - સાઈ પલ્લવી): મિથિલાની સંસ્કૃતિ મુજબ સીતાજીના આભૂષણોમાં અત્યંત સૌમ્યતા, નાજુકતા અને પરંપરાગત પ્રાકૃતિક ડિઝાઈન રાખવામાં આવી છે.

લંકા (રાવણ - યશ): સોનાની નગરી લંકાના રાજા રાવણ માટે અપરંપાર ચમક, ભારે મણિ-માણિક્ય અને અત્યંત વૈભવશાળી સોનાની જ્વેલરી તૈયાર કરાઈ છે.

વનવાસ માટે લાકડાના આભૂષણો અને તમામ પાત્રોનું સુશોભન

આમ્રપાલી જ્વેલરી જયપુર રામાયણ આભૂષણો અંગેની બીજી સૌથી મોટી ખાસિયત એ છે કે જ્યારે રામ, સીતા અને લક્ષ્મણ ૧૪ વર્ષના વનવાસ માટે નીકળે છે, ત્યારે તેમની વાસ્તવિક સ્થિતિ દર્શાવવા સોના-ચાંદીના ત્યાગ બાદ હળવા અને ખાસ પ્રકારના લાકડામાંથી બનેલા આભૂષણો બનાવવામાં આવ્યા હતા.

મુખ્ય પાત્રો ઉપરાંત લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન, રાજા દશરથ, ત્રણેય માતાઓ (કૌશલ્યા, કૈકેયી, સુમિત્રા), રાજા જનક, હનુમાનજી, સુગ્રીવ, બાલી, મંદોદરી, શૂર્પણખા તેમજ બેકગ્રાઉન્ડની ભીડમાં દેખાતા પ્રજાજનો માટે પણ તત્કાલીન કાળની શૈલીના જ ઘરેણાં ખાસ તૈયાર કરાયા હતા.

નિષ્કર્ષ: ભારતીય કલા અને સિનેમાનો સુવર્ણ સંગમ

અંતમાં, 'રામાયણ' ફિલ્મમાં દર્શાવવામાં આવેલી આ ૪૫૦૦ આભૂષણોની શ્રૃંખલા માત્ર કોસ્ચ્યુમ ડિઝાઈનિંગ નથી, પરંતુ તે ભારતના પૌરાણિક વારસા, પ્રાચીન કલા અને શિલ્પશાસ્ત્રને સિનેમાના પડદા પર અદભુત રીતે પુનર્જીવિત કરવાનું એક ઐતિહાસિક કાર્ય સાબિત થયું છે.

ગુજરાતી ભાયડાને સલમાન ખાન કરતાં વધુ તાળીઓ મળી!:'દબંગ સ્ટાર'નો ઈગો હર્ટ થઈ ગયો;

હિમેશ રેશમિયાના અવાજની મજાક ઉડી, છતાં વર્ષમાં 36 હિટ ગીતો આપ્યાં



નવી દિલ્હી | ક્યારેક તેમના ગીતો ચાર્ટબસ્ટર બનતા હતા, તો ક્યારેક તેમની અવાજની મજાક ઉડાવવામાં આવતી હતી. કોઈ તેમને નાકમાંથી ગાવા વાળા સિંગર કહેતા, તો કોઈ તેમની અભિનય ક્ષમતા પર સવાલ ઉઠાવતા. ફિલ્મોમાં નિષ્ફળતાઓ છતાં તેમણે હાર માની નહીં. ગુજરાતી પરિવારમાં જન્મેલાં હિમેશ રેશમિયાએ બોલિવૂડમાં પોતાની અલગ ઓળખ બનાવવાનો સંકલ્પ છોડ્યો નહીં.

સલમાન ખાનની ફિલ્મોથી સંગીતકાર તરીકે શરૂઆત કરનાર હિમેશે 'તેરે નામ', 'આશિક બનાયા આપને' અને 'ઝલક દિખલા જા' જેવા ગીતોથી સમગ્ર દેશમાં ધૂમ મચાવી. ત્યારબાદ તે સિંગર બન્યા, સ્ટેજ શોમાં લોકપ્રિય થયા અને ફિલ્મોમાં હીરો પણ બન્યા. આ દરમિયાન સલમાન ખાન સાથે મતભેદોના સમાચાર આવ્યા, પરંતુ પાછળથી સંબંધો સુધર્યા અને બંનેએ ફરી સાથે કામ કર્યું. ટીકાઓ અને ઉતાર-ચઢાવ વચ્ચે તેમની સંગીતની સફર ચાલુ છે.

16 વર્ષની ઉંમરે કામ શરૂ કર્યું

હિમેશ રેશમિયા રાતોરાત સ્ટાર બન્યા નહોતા. તેમનો જન્મ 23 જુલાઈ, 1973ના રોજ મુંબઈમાં થયો હતો. તેમના પિતા વિપિન રેશમિયા પણ સંગીતકાર હતા. ઘરમાં સંગીતનું વાતાવરણ હતું, પરંતુ હિમેશે નાની ઉંમરથી જ કામ શરૂ કરી દીધું હતું.

રેડિફને આપેલા ઈન્ટરવ્યૂમાં તેમણે જણાવ્યું હતું કે 16 વર્ષની ઉંમરે તેમણે પોતાનો પહેલો ટેલિવિઝન સિરિયલ પ્રોડ્યુસ કર્યો હતો. શરૂઆતથી જ તેમનું લક્ષ્ય સંગીતકાર બનવાનું હતું. ટેલિવિઝન માટે કામ કરતી વખતે તેમણે સંગીતની ઝીણવટભરી બાબતો શીખી. સિરિયલ 'અંદાજ'ના ટાઇટલ ટ્રેકથી સંગીતકાર તરીકે ઓળખ બનાવવાની શરૂઆત કરી.

બોલિવૂડમાં સ્થાન બનાવવું સરળ નહોતું. એ સમયગાળામાં અનુ મલિક, જતિન-લલિત અને શંકર-એહસાન-લોય જેવા સંગીતકારોનું વર્ચસ્વ હતું. હિમેશ નાના પ્રોજેક્ટ્સ કરતા રહ્યા અને મોટી તકની રાહ જોતા રહ્યા.સલમાન ખાનની ફિલ્મથી બોલિવૂડમાં એન્ટ્રી, 'તેરે નામ'થી ઓળખ મળીહિમેશની કારકિર્દીમાં સલમાન ખાનની મહત્વપૂર્ણ ભૂમિકા રહી. 1998માં આવેલી ફિલ્મ 'પ્યાર કિયા તો ડરના ક્યા'થી તેમને બોલિવૂડમાં સંગીતકાર તરીકે મોટી તક મળી. ત્યારબાદ તેમણે 'બંધન', 'હેલો બ્રધર' અને 'દુલ્હન હમ લે જાયેંગે' જેવી ફિલ્મોમાં કામ કર્યું.વાસ્તવિક ઓળખ 2003માં આવેલી સલમાન ખાનની ફિલ્મ 'તેરે નામ'થી મળી. ફિલ્મનાં ગીતો યુવાનોમાં લોકપ્રિય થયા. ખાસ કરીને 'ક્યોં કિસી કો', 'તુમસે મિલના' અને 'લગન લાગી'એ તેમને ઈન્ડસ્ટ્રીના ચર્ચિત સંગીતકારોમાં સ્થાન અપાવ્યું.

કોર્ટની ફટકાર બાદ નોરા ફતેહીએ જુબાની આપી

ઠગ સુકેશ સાથે માત્ર કોલ પર વાત કર્યાનો દાવો; ₹200 કરોડના ખંડણી કેસમાં સાક્ષી છે એક્ટ્રેસ

નવી દિલ્હી | બોલિવૂડ એક્ટ્રેસ નોરા ફતેહી શુક્રવારે દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં હાજર થઈ હતી. તેણે કથિત ઠગ સુકેશ ચંદ્રશેખર સાથે જોડાયેલા 200 કરોડની વસૂલીના કેસમાં સરકારી પક્ષની સાક્ષી તરીકે પોતાનું નિવેદન નોંધાવ્યું. કોર્ટમાં નોરાએ ભારત આવવા, પોતાના કામ અને ચેન્નાઈમાં સુકેશની પત્ની લીના પૉલોઝ સાથે થયેલી મુલાકાત વિશે માહિતી આપી.કેસની સુનાવણી એડિશનલ સેશન જજ ગગનદીપ સિંહની અદાલતમાં થઈ. નોરાએ જણાવ્યું કે તે કેનેડાની નાગરિક છે અને મૂળરૂપે મોરોક્કો સાથે સંબંધ ધરાવે છે. તે ભારતમાં ટી-સિરીઝ મ્યુઝિક કંપની સાથે કામ કરવા માટે જારી કરાયેલા વર્ક વિઝા પર આવી હતી.નોરાએ જણાવ્યું કે, ડિસેમ્બર 2020માં તેને ચેન્નાઈમાં એક ચેરિટી કાર્યક્રમ માટે બુક કરવામાં આવી હતી. આ કાર્યક્રમની આયોજક લીના પૉલોઝ (સુકેશ ચંદ્રશેખરની પત્ની) હતી. નોરાને એક્સીડ એન્ટરટેઈનમેન્ટ નામની એજન્સી મારફતે આ કાર્યક્રમ માટે બુક કરવામાં આવી હતી. કાર્યક્રમમાં તેણે મુખ્ય અતિથિ તરીકે હાજર રહેવાનું અને ડાન્સ સ્પર્ધામાં નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવવાની હતી. આ કેસની આગામી સુનાવણી 30 નવેમ્બરે થશે.

નોરાના જણાવ્યા અનુસાર, વિદેશી નાગરિક હોવાને કારણે ભારતમાં કોઈપણ કાર્યક્રમ માટે તેની બુકિંગ મેનેજમેન્ટ કંપની દ્વારા કરવામાં આવતી હતી અને ચુકવણી પણ કંપનીને જ કરવામાં આવતી હતી.

નોરાએ જણાવ્યું કે, જ્યારે તે ચેન્નાઈમાં કાર્યક્રમ માટે તૈયાર થઈ રહી હતી, ત્યારે તેની ટીમે તેને જણાવ્યું કે, લીના પોલોઝ પોતાના પરિવાર સાથે તેને મળવા માંગે છે. ત્યારબાદ લીના પોતાના પરિવારના સભ્યો, બે વીડિયોગ્રાફર અને કેટલાક અન્ય લોકો સાથે નોરાના રૂમમાં પહોંચી હતી. તેની સાથે કેટલીક ગિફ્ટ્સ પણ હતી.

ફરી શાહરૂખ-દીપિકા ને ભગવા રંગનો વિવાદ:'પઠાણ' બાદ હવે 'કિંગ' ફિલ્મના ગીત પર સાધુ-સંતો ભડક્યા

નવી દિલ્હી | શાહરૂખ ખાનના જન્મદિવસના ખાસ અવસર પર 2 નવેમ્બરે તેમની આગામી ફિલ્મ કિંગનું ગીત તૂ મિલ જાયે રિલીઝ થયું. આ ગીતના એક ભાગમાં દીપિકા પાદુકોણ નારંગી ડ્રેસ પહેરીને થિરકતી જોવા મળી, જેના પર ભાજપના ધારાસભ્ય રવિંદર સિંહ નેગી બાદ હવે અયોધ્યાના મહંતે પણ વાંધો ઉઠાવ્યો છે. તેમનું કહેવું છે કે ભગવા રંગમાં અશ્લીલ ડાન્સ સહન કરવામાં આવશે નહીં.ન્યૂઝ એજન્સી એએનઆઈ સાથેની વાતચીતમાં અયોધ્યાના મહંત સીતારામ દાસ મહારાજે કહ્યું, 'શાહરૂખ ખાનની ફિલ્મ કિંગના ગીતમાં અભિનેત્રી દીપિકા પાદુકોણ ભગવા કપડાં પહેરીને ડિસ્કો ડાન્સ કરશે, આ જરાય સહન કરી શકાય નહીં. હું શાહરૂખ ખાન અને દીપિકા પાદુકોણને કહીશ કે જો તમારે આવી હરકતો જ કરવી હોય, તો લીલા કપડાં પહેરી લો. લીલા કપડાંમાં ડાન્સ કરો, સારું લાગશે. ભગવો શૌર્યનું પ્રતીક છે. બલિદાનનું પ્રતીક છે, ઈશ્વરનું પ્રતીક છે. ત્યાગ, સમર્પણ અને ભક્તિનું પ્રતીક છે. શું ભગવાને બદનામ કરવાનું કાવતરું ચાલી રહ્યું છે? ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યને હું સમર્થન આપું છું, જેમણે આ મુદ્દે અવાજ ઉઠાવ્યો છે. સનાતની તેનો પ્રબળ વિરોધ કરે છે.'

જગતગુરુ પરમહંસ, આચાર્ય ગુરુ આ અંગે કહે છે, 'આ નિશ્ચિતપણે અત્યંત વાંધાજનક છે. જે રીતે ભારતનો રાષ્ટ્રીય ધ્વજ તિરંગો છે, તેવી જ રીતે ભારતીય સંસ્કૃતિનો રંગ ભગવો છે. ભગવાનો અપમાન ભારતીય સંસ્કૃતિનું અપમાન છે. તેથી ફિલ્મમાં ભગવા વસ્ત્રો પહેરીને કરવામાં આવેલો અશ્લીલ સીન કાપી નાખવામાં આવે. જો આવું નહીં કરવામાં આવે તો તે સહન કરવામાં નહીં આવે. સીન હટાવવામાં આવે અને આ લોકો વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવે. કોઈપણ અભિનેતા પૈસા કમાવવા માટે ભગવાનો અપમાન કરશે, તો તે દુનિયાને અલવિદા કહી દેશે. આ છેલ્લી ચેતવણી છે. જે કોઈ ભગવાનો અપમાન કરશે, તે જીવતો નહીં રહે.'

એક મહંતે કહ્યું, 'જુઓ, ફિલ્મના જે કલાકારો છે, હું તેમને એક જ સવાલ કરવા માગું છું કે મસ્જિદો અને ઈસ્લામ માટે તો ઘણું સારું દર્શાવવામાં આવે છે. પરંતુ જ્યારે સનાતનની વાત આવે છે, ત્યારે ક્યારેક ભગવાનું અપમાન, તો ક્યારેક સનાતનનું અપમાન કરવામાં આવે છે. શાહરુખ ખાનની એક 'પઠાણ' ફિલ્મ હતી, જેમાં ભગવા વસ્ત્રો ધારણ કરીને જે રીતે અશ્લીલતા દર્શાવવામાં આવી હતી. અમે સાધુઓએ તેનો વિરોધ કર્યો હતો. આજે 'કિંગ' ફિલ્મમાં ભગવા પહેરીને જે રીતે દ્રશ્ય દર્શાવવામાં આવ્યું છે, તે અત્યંત દુ:ખદ છે. તેઓ હંમેશાં સનાતનની આસ્થા પર પ્રહાર કરવાનું કામ કરે છે.'

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

લિયામ ડેલાપના બે શાનદાર ગોલ

નોટિંગહામ ફોરેસ્ટે માન્ચેસ્ટર સિટીને હરાવ્યું



(એજન્સી) નોટિંગહામ । તા. 08

ઈંગ્લિશ પ્રીમિયર લીગ ફૂટબોલ સ્પર્ધામાં એક અત્યંત ચોંકાવનારો અને રોમાંચક ઉલટફેર જોવા મળ્યો છે. સિટી ગ્રાઉન્ડ ખાતે રમાયેલા ધમાકેદાર મુકાબલામાં નોટિંગહામ ફોરેસ્ટની ટીમે શાનદાર આક્રમક રમતનું પ્રદર્શન કરીને દાવેદાર માન્ચેસ્ટર સિટીને ૩-૧ ના તફાવતથી પરાજય આપીને આંતરરાષ્ટ્રીય ફૂટબોલ જગતને સ્તબ્ધ કરી દીધું છે. પોતાની ભૂતપૂર્વ ક્લબ સામે રમતા યુવા સ્ટ્રાઈકર લિયામ ડેલાપે બે બેહતરીન ગોલ ફટકારીને નોટિંગહામ ફોરેસ્ટની જીતમાં સૌથી મહત્વની ભૂમિકા ભજવી હતી. આ અણધારી હાર સાથે જ માન્ચેસ્ટર સિટીની ટીમે ચાલુ પ્રીમિયર લીગ સત્રમાં સતત ત્રીજી હારનો સામનો કરવો પડ્યો છે, જ્યારે આ મહત્વપૂર્ણ વિજયથી ફોરેસ્ટના મેનેજર ઓલિવર ગ્લાસનર પરનું દબાણ ઘણું હળવું થયું છે.

નોટિંગહામ ફોરેસ્ટે હોમ ગ્રાઉન્ડ પર મેચની શરૂઆતથી જ અતિ આક્રમક વલણ અપનાવ્યું હતું. રમતની છઠ્ઠી જ મિનિટે જેયર ફુન્હાએ માન્ચેસ્ટર સિટીના લેફ્ટ-બેક જોસ્કો ગ્વાર્ડિઓલ પાસેથી મધ્યમેદાનમાં ચતુરતાપૂર્વક બોલ છીનવી લીધો હતો. તેણે પેનલ્ટી એરિયા તરફ આગળ વધીને પોતાના ડાબા પગ વડે ગોલકીપર ગિયાનલુઈગી દોન્નારુમ્માને થાપ આપીને બોલને નેટમાં મોકલી આપી ટીમનું ખાતું ખોલ્યું હતું. ત્યારબાદ અઢારમી મિનિટે જેવર શ્લાગર પાસેથી મેળવ્યા બાદ લિયામ ડેલાપે પોતાના અડધા ભાગમાંથી રેસ લગાવી હતી. તેણે વિરોધી ડિફેન્ડર માર્ક ગુએહીને પાછળ છોડીને ગોલપોસ્ટની ટોચ પર સણસણતો શોટ મારીને ટીમની સરસાઈ ૨-૦ કરી દીધી હતી. પ્રથમ હાફ દરમિયાન માન્ચેસ્ટર સિટીની ટીમ વળતો પ્રહાર કરવા માટે સતત ઝઝૂમતી જોવા મળી હતી. સિટીના જેરેમી ડોકુના એક મજબૂત શોટને ફોરેસ્ટના ડિફેન્ડર નિકોલા મિલેનકોવિચે અત્યંત હોશિયારીથી બ્લોક કર્યો હતો. તે પછી સિટીના દિગ્ગજ સ્ટ્રાઈકર અર્લિંગ હાલેન્ડના ગોલ તરફ જઈ રહેલા સ્કોર શોટને જેયર ફુન્હાએ ગોલ-લાઈન પરથી ક્લિયર કરીને પોતાની ટીમને મોટી આપત્તિમાંથી ઉગારી લીધી હતી.

સાઓ પાઉલો ગ્રાન્ડ પ્રિક્સ કરાર લંબાવાયો

બ્રાઝિલમાં ફોર્મ્યુલા વન 2035 સુધી યોજાશે કરાર થયો



(એજન્સી) નવી દિલ્હી । તા. 08

વૈશ્વિક મોટરસ્પોર્ટ્સની સૌથી લોકપ્રિય અને રોમાંચક સ્પર્ધા ફોર્મ્યુલા વન અંગે એક અત્યંત મહત્વપૂર્ણ અને ઐતિહાસિક સમાચાર સામે આવ્યા છે. વિશ્વભરના કરોડો રેસિંગ ચાહકો માટે ખુશીના સમાચાર આપતા ફોર્મ્યુલા વન સંચાલકોએ સત્તાવાર જાહેરાત કરી છે કે બ્રાઝિલના સાઓ પાઉલોમાં રમાતી ગ્રાન્ડ પ્રિક્સ રેસ હવે ઓછામાં ઓછા ૨૦૩૫ સુધી કેલેન્ડર પર જળવાઈ રહેશે. તાજેતરમાં પાંચ વર્ષના નવા કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે, જેણે રમતગમતના ઇતિહાસમાં સૌથી જૂના અને પ્રતિષ્ઠિત સ્થળોમાંથી એક એવા સાઓ પાઉલોના ભવિષ્યને સંપૂર્ણપણે સુરક્ષિત કરી દીધું છે. આ ઐતિહાસિક ટ્રેક છેલ્લા પચાસ વર્ષથી વધુ સમયથી આ આંતરરાષ્ટ્રીય સ્પર્ધાનો અવિભાજ્ય હિસ્સો રહ્યો છે અને નવા કરારથી સમગ્ર ખેલ જગતમાં ભારે ઉત્સાહ વ્યાપી ગયો છે. આ રેસ ટ્રેક સત્તાવાર રીતે ઓટોડ્રોમો જોસ કાર્લોસ પેસ તરીકે ઓળખાય છે, જે ૧૯૭૦ના રેસ વિજેતાના સન્માનમાં નામ આપવામાં આવ્યું હતું. આ ટ્રેક ફોર્મ્યુલા વનના સમૃદ્ધ ઇતિહાસ સાથે ઊંડો સંબંધ ધરાવે છે. ઈન્ટરલાગોસના આ ઐતિહાસિક મેદાન પર દંતકથા સમાન આયર્ટન સેના સહિત બ્રાઝિલના પાંચ મહાન હીરોએ પોતાની જીતની પતાકા લહેરાવી છે.

સેન્ડપેપરગેટ સ્ટીવ સ્મિથ ડેવિડ વોર્નર, સમગ્ર ટીમ દોષિત હોવાનો ખ્વાઝાનો દાવો

ઓસ્ટ્રેલિયન બોલ ટેમ્પરિંગ વિવાદમાં ઉસ્માન ખ્વાઝાનો ધડાકો

(એજન્સી) નોટિંગહામ । તા. 08

ઓસ્ટ્રેલિયાના પૂર્વ અનુભવી ઓપનિંગ બેટ્સમેન ઉસ્માન ખ્વાઝાએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ જગતમાં એક બહુ મોટો વિસ્ફોટ કરીને ખળભળાટ મચાવી દીધો છે. વર્ષ ૨૦૧૮માં દક્ષિણ આફ્રિકા સામેની કેપટાઉન ટેસ્ટ મેચ દરમિયાન થયેલા કુખ્યાત 'સેન્ડપેપરગેટ' બોલ ટેમ્પરિંગ પ્રકરણ અંગે તેમણે પોતાની આગામી આત્મકથા 'સબ્ર'માં અત્યંત ચોંકાવનારા અને ગંભીર ખુલાસા કર્યા છે. ઉસ્માન ખ્વાઝાના જણાવ્યા મુજબ, બોલ સાથે છેડછાડ કરવાની આ નાપાક ઘટના કોઈ બે કે ત્રણ ખેલાડીઓની વ્યક્તિગત ભૂલ નહોતી, પરંતુ તેમાં સમગ્ર ઓસ્ટ્રેલિયન ક્રિકેટ ટીમ સમાન રીતે સામેલ હતી. તે સમયે પરિસ્થિતિ એવી ઊભી કરવામાં આવી હતી કે સ્ટીવ સ્મિથ, ડેવિડ વોર્નર અને કેમેરોન બેન્ક્રાફ્ટને એકલા જ દોષિત ઠેરવીને બલિના બકરા બનાવી દેવામાં આવ્યા હતા, જ્યારે બાકીના તમામ ખેલાડીઓ અને બોલરો કોઈપણ પ્રકારની શિક્ષા કે સજા વિના સાફ બચી નીકળ્યા હતા.

ઉસ્માન ખ્વાઝાએ એક ખાસ વિડિયો સંદેશ જાહેર કરીને પોતાના મનની વ્યથા અને આક્રોશ ઠાલવ્યો હતો. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે છેલ્લા આઠ વર્ષના લાંબા સમયગાળાથી આ ત્રણેય ખેલાડીઓએ આખી દુનિયાની નફરત, કડવા આક્ષેપો અને 'ચીટર' એટલે કે ધોકેબાજનું કલંક એકલા હાથે સહન કર્યું છે. એક જ ભૂલ માટે આ ત્રણેય મિત્રોને જે માનસિક યાતના અને સામાજિક બહિષ્કાર જેવી સ્થિતિમાંથી પસાર થવું પડ્યું છે તે અત્યંત દુ:ખદ અને અમાનવીય છે. ખ્વાઝાના મતે, જ્યારે કોઈ ગંભીર ભૂલ ટીમ વ્યૂહરચનાના



ભાગરૂપે થઈ હોય ત્યારે તેનો દંડ પણ આખી ટીમે સંયુક્ત રીતે ભોગવવો જોઈતો હતો. પરંતુ વહીવટી મંડળ અને ટીમના વરિષ્ઠ સભ્યોએ પોતાના બચાવ માટે આખી ઘટનાનો દોષ માત્ર ત્રણ જ વ્યક્તિઓ પર ઢોળી દીધો હતો.

સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, ઉસ્માન ખ્વાઝાએ ભૂતકાળમાં પણ આ કડવું સત્ય સામે લાવવા માટે બે વખત ગંભીર પ્રયાસો કર્યા હતા. તેમણે વર્ષ ૨૦૧૮માં જ્યારે આ ઘટના તાજી હતી ત્યારે અને ત્યારબાદ વર્ષ ૨૦૨૧માં ફરી એકવાર આ વિવાદ પરથી પડદો ઉચકવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ ૨૦૧૮માં તત્કાલીન કપ્તાન સ્ટીવ સ્મિથે તમામ નૈતિક જવાબદારી પોતાના શિરે લઈ લેવાનો નિર્ણય કર્યો હતો, જ્યારે ૨૦૨૧માં ઓસ્ટ્રેલિયાના મુખ્ય બોલિંગ જૂથે આ આખી ઘટનાથી સાવ અજાણ હોવાનો દાવો કર્યો હતો. તે સમયે ટીમનું આંતરિક વાતાવરણ, પરસ્પરનો વિશ્વાસ અને રમતનું ધ્યાન ન બગડે તે હેતુથી તેમણે પોતાની જીભ પર લગામ રાખી હતી અને મૌન રહેવાનું મુનાસિબ માન્યું હતું.

પોતાના નવા પુસ્તક 'સબ્ર'ના લોન્ચિંગ અને તેના યોગ્ય સમય અંગે ઉઠેલા કેટલાક તીખા સવાલોનો જવાબ આપતા ખ્વાઝાએ જણાવ્યું હતું કે જો તેમનો હેતુ માત્ર પુસ્તક વેચીને આર્થિક કમાણી કરવાનો કે સસ્તા પબ્લિસિટી સ્ટંટ કરવાનો હોત, તો તેઓ ઓસ્ટ્રેલિયાના તાજેતરના દક્ષિણ આફ્રિકા પ્રવાસ દરમિયાન જ આ પુસ્તક બજારમાં મૂકી શક્યા હોત. પરંતુ તેમણે પ્રવાસ પૂર્ણ થાય ત્યાં સુધી ધીરજપૂર્વક રાહ જોઈ હતી જેથી કરીને મેદાન પર રમતી ટીમનું ધ્યાન સહેજ પણ ભટકે નહીં. અંતમાં, આ અગ્રણી ક્રિકેટરે સ્પષ્ટ કર્યું હતું કે તેમનો ઉદ્દેશ્ય ભૂતકાળની વાતો ઉખેડીને કોઈ સાથી ખેલાડી પર કાદવ ઉછાળવાનો કે દોષનો ટોપલો ઢોળવાનો બિલકુલ નથી. તેમનો આત્મા એ વાતથી અશાંત હતો કે તેમના ત્રણ વફાદાર મિત્રોએ અન્યાયી રીતે બધો બોજ ઉઠાવ્યો છે. તેઓ ફક્ત એટલું જ ઈચ્છે છે કે ખેલ જગત અને ચાહકો સામે સાચી હકીકત આવે અને આ ત્રણેય ખેલાડીઓને યોગ્ય ન્યાય મળે. આ ખુલાસા બાદ હવે ઓસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડ અને પૂર્વ ખેલાડીઓમાં ફરી એકવાર નવો વિવાદ સર્જાય તેવી પૂરી શક્યતાઓ સેવાઈ રહી છે.

મોહમ્મદ શમીની નિવૃત્તિ બાદ રવિ શાસ્ત્રી લાલઘૂમ, પસંદગીકારો સામે સવાલ, શમી જેવા બોલરને ગુમાવવો નુકસાનકારક

(એજન્સી) નવી દિલ્હી । તા. 08

ભારતીય ક્રિકેટ જગતમાં ત્યારે અચાનક હલચલ મચી ગઈ જ્યારે અનુભવી ફાસ્ટ બોલર મોહમ્મદ શમીએ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી. આ અણધાર્યા પગલાથી ક્રિકેટપ્રેમીઓમાં નિરાશા વ્યાપી ગઈ છે, જ્યારે ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ મુખ્ય કોચ રવિ શાસ્ત્રીએ આ મામલે બીસીસીઆઈ અને પસંદગીકારો પર અત્યંત આકરા પ્રહારો કર્યા છે. શાસ્ત્રીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે શમી જેવા મેચ-વિનર બોલરને આ પ્રકારે ગુમાવવો તે ભારતીય ટેસ્ટ ટીમ માટે ક્યારેય પુરી ન થઈ શકે તેવી મોટી ક્ષતિ સમાન છે.

મીડિયા અહેવાલ મુજબ, ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની મેચ અગાઉ પોતાના વિચારો વ્યક્ત કરતા રવિ શાસ્ત્રીએ જણાવ્યું હતું કે જો મોહમ્મદ શમી ક્રિકેટ રમતા રહ્યા હોત તો તેમના ખાતામાં હજુ પણ ત્રીસથી ચાલીસ ટેસ્ટ વિકેટો સરળતાથી ઉમેરાઈ શકી હોત. તેમણે માત્ર જિમ આધારિત ફિટનેસ ટેસ્ટ




પર વધુ પડતો ભાર મૂકવાની પસંદગી સમિતિની નીતિ સામે ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. શાસ્ત્રીએ ઉમેર્યું કે જો કોઈ ખેલાડી મેચ દરમિયાન દસથી બાર ઓવરો સરળતાથી નાખી શકતો હોય, તો માત્ર જિમમાં ફિટ હોવાનો દાવો કરવાનો કોઈ વાજબી અર્થ સરતો નથી. શમીએ સ્થાનિક ક્રિકેટમાં બંગાળ તરફથી રમતી વખતે સતત પંદરથી વીસ ઓવરો નાખીને પોતાની મેચ-ફિટનેસ સંપૂર્ણપણે પૂરવાર કરી બતાવી હતી છતાં તેમને અવગણવામાં આવ્યા.

પૂર્વ વર્લ્ડ કપ વિજેતા કોચે વધુમાં જણાવ્યું હતું કે જ્યારે કોઈ સિનિયર ખેલાડી ઈજાગ્રસ્ત થાય છે અથવા ટીમની બહાર જાય છે, ત્યારે ટીમ ઈન્ડિયાને સાચા અનુભવની સખત જરૂર પડતી હોય છે. તેવા સમયે શમી જેવો સિદ્ધહસ્ત અને કુશળ બોલર ટીમમાં હોવો અત્યંત આવશ્યક હતો. શમીનું શાનદાર પ્રદર્શન અને ઘરેલુ ક્રિકેટનો ઉત્કૃષ્ટ અનુભવ હોવા છતાં તેમને વધુ એક તક ન મળવાથી પૂર્વ કોચ અત્યંત વ્યથિત થયા છે. આ સમગ્ર ઘટનાક્રમે ભારતીય ક્રિકેટમાં અનુભવી ખેલાડીઓના સન્માન અને પસંદગીની પ્રક્રિયા પર ફરી એકવાર મોટા અને ગંભીર સવાલો ઊભા કરી દીધા છે.

કેએલ રાહુલ ગેમ ચેન્જર એવોર્ડ સ્માર્ટફોન ભેટ આપ્યો

ગુરનૂર બ્રાર ચાર વિકેટ ધડાકો, ભારત ન્યૂઝીલેન્ડ બીજી વનડે વિજય



(એજન્સી) વેલિંગ્ટન । તા. 08

ન્યૂઝીલેન્ડના પ્રવાસે ગયેલી ભારતીય ક્રિકેટ ટીમે બીજી વનડે મેચમાં યજમાન ટીમને અત્યંત રોમાંચક મુકાબલામાં ડકવર્થ લુઈસ પદ્ધતિના આધારે ચાર રનથી પરાજય આપીને પાંચ મેચોની શ્રેણીમાં બે શૂન્યની મજબૂત લીડ મેળવી લીધી છે. વેલિંગ્ટન ખાતે રમાયેલી આ મેચમાં માત્ર ભારતીય ખેલાડીઓના મેદાની પ્રદર્શને જ નહીં, પરંતુ ભારતીય બેટ્સમેન કેએલ રાહુલની એક અત્યંત ઉમદા અને માનવીય વર્તણૂકે વિશ્વભરના ક્રિકેટ ચાહકોના દિલ જીતી લીધા છે. મેચ પૂર્ણ થયા બાદ એવોર્ડ વિતરણ સમારોહ દરમિયાન કેએલ રાહુલને મળ ગેમ ચેન્જર ઓફ ધ મેચનો કિંમતી સ્માર્ટફોન તેણે મેદાન પર ફરજ બજાવતી એક મહિલા અધિકારીને ભેટ સ્વરૂપે સોંપી દઈને સૌને આશ્ચર્યચકિત કરી દીધા હતા.

મીડિયા અહેવાલ અનુસાર, મેચ જીત્યા પછી જ્યારે એવોર્ડ એનાયત કરવામાં આવ્યો ત્યારે રાહુલે સહેજ પણ ખચકાયા વિના પોતાનો ઈનામી સ્માર્ટફોન મેદાન પર કામ કરતી મહિલા અધિકારી તરફ લંબાવ્યો હતો. આ અણધારી ભેટ મેળવીને મહિલા અધિકારી અત્યંત ભાવુક અને આશ્ચર્યચકિત થઈ ગઈ હતી. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ તે મહિલા અધિકારીએ જણાવ્યું હતું કે તેણે ક્યારેય આવી ભેટની અપેક્ષા રાખી નહોતી. ભારતીય ક્રિકેટ બોર્ડે પણ સોશિયલ મીડિયા પર આ ક્ષણનો વિડિયો શેર કરીને રાહુલની આ સુંદર ભાવનાની મુક્ત મને પ્રશંસા કરી હતી અને લખ્યું હતું કે મોટો ખેલાડી પણ તેનાથી પણ મોટું દિલ. કેએલ રાહુલના આ પગલાની રમત જગતમાં ચો તરફ સરાહના થઈ રહી છે. વેલિંગ્ટન ખાતે વરસાદના વિઘ્ન વચ્ચે રમાયેલી આ મેચમાં ભારતીય ટીમે ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો આક્રમક નિર્ણય લીધો હતો. ભારતીય યુવા ફાસ્ટ બોલર ગુરનૂર બ્રારે પોતાની શાનદાર અને ઘાતક બોલિંગનું પ્રદર્શન કરીને કારકિર્દીનું શ્રેષ્ઠ પ્રદર્શન નોંધાવ્યું હતું. ગુરનૂર બ્રારે માત્ર ત્રીસ રન આપીને ચાર મહત્વની વિકેટો ઝડપી લીધી હતી અને ન્યૂઝીલેન્ડની આખી બેટિંગ લાઈનઅપની કમર તોડી નાખી હતી.

એમએલએસ કપ પ્લેઓફ મુકાબલો

ઈન્ટર મિયામી ટીમનો શાનદાર વિજય

લિયોનેલ મેસી ગોલ્ડન બૂટ વિજેતા બન્યા ઇતિહાસ રચ્યો

(એજન્સી) નવી દિલ્હી । તા. 08

ફૂટબોલ જગતના દિગ્ગજ ખેલાડી લિયોનેલ મેસીએ ફરી એકવાર પોતાની પ્રતિભા સાબિત કરતા ઇતિહાસ રચી દીધો છે. મીડિયા અહેવાલ અનુસાર, મિયામી ખાતે રમાયેલી રોમાંચક મેચોની શૃંખલાના અંતે લિયોનેલ મેસીએ વર્ષ 2026ની રેગ્યુલર સીઝનમાં કુલ છવ્વીસ ગોલ ફટકારીને સતત બીજી વખત આંતરરાષ્ટ્રીય ફૂટબોલ એવોર્ડ પોતાના નામે કર્યો છે. ઈન્ટર મિયામી ક્લબ તરફથી રમતા આ મહાન ખેલાડીએ પોતાની આક્રમક રમતથી ટીમની જીતમાં મહત્વની ભૂમિકા ભજવી છે અને ક્લબને આગામી ખિતાબ બચાવવાની લડાઈ માટે તૈયાર કરી દીધી છે.

મીડિયા અહેવાલ મુજબ, ઈન્ટર મિયામી અને ચાર્લોટ વચ્ચે રમાયેલી અંતિમ રેગ્યુલર સીઝનની મેચ રોમાંચક ડ્રો રહી હતી. મિયામીની ટીમે શરૂઆતમાં જ શાનદાર પ્રદર્શન કરતા ત્રણ શૂન્યની મજબૂત લીડ મેળવી લીધી હતી, પરંતુ વિપક્ષી ટીમ ચાર્લોટે શાનદાર વાપસી કરીને સ્કોર સરભર કરી દીધો હતો અને મેચ ત્રણ-ત્રણની બરાબરી પર પૂરી થઈ હતી. આ મેચમાં મેસી કોઈ ગોલ કરી શક્યો નહોતો છતાં તેણે પોતાના નજીકના હરીફો કરતાં મોખરાનું સ્થાન જાળવી રાખ્યું હતું. એફસી ડલ્લાસના ખેલાડી



પેટાર મુસાએ બાવીસ ગોલ સાથે બીજું સ્થાન મેળવ્યું હતું, જ્યારે અન્ય ખેલાડીઓ પણ પાછળ રહ્યા હતા. અગાઉ મેસીએ ગત સીઝનમાં ઓગણત્રીસ ગોલ કર્યા હતા અને હવે સતત બે વખત આ સન્માન મેળવનાર લીગ ઇતિહાસનો પ્રથમ ખેલાડી બન્યો છે.

માર્ટિન ઓડેગાર્ડનો વિજેતા ગોલ

આર્સેનલ ટીમનો શાનદાર વિજયથી પોઈન્ટ ટેબલમાં મજબૂત પકડ

(એજન્સી) લંડન । તા. 08

ઈંગ્લિશ પ્રીમિયર લીગ ફૂટબોલ સ્પર્ધામાં શુક્રવારે રાત્રે એમિરેટ્સ સ્ટેડિયમ ખાતે રમાયેલા એક અત્યંત રોમાંચક મુકાબલામાં આર્સેનલની ટીમે હલ સિટી સામે મુશ્કેલ પરિસ્થિતિમાં એક શૂન્યથી રોમાંચક વિજય મેળવ્યો છે. મીડિયા અહેવાલ અનુસાર, મેચના ૭૨મી મિનિટે ટીમના કેપ્ટન માર્ટિન ઓડેગાર્ડે શાનદાર ગોલ ફટકારીને પોતાની ટીમને નિર્ણાયક સરસાઈ અપાવી હતી. આ વિજય સાથે જ આર્સેનલની ટીમે પોઈન્ટ્સ ટેબલમાં પોતાનું શીર્ષ સ્થાન વધુ મજબૂત કરી લીધું છે અને વિરોધી ટીમો પર દબાણ વધારી દીધું છે.

મેચની શરૂઆતથી જ યજમાન આર્સેનલની ટીમે બોલ પર પોતાનું નિયંત્રણ જાળવી રાખ્યું હતું, પરંતુ હલ સિટીના મજબૂત અને શિસ્તબદ્ધ ડિફેન્સના કારણે ફોરવર્ડ ખેલાડીઓ માટે ગોલ કરવો અત્યંત મુશ્કેલ બન્યું હતું. પ્રથમ હાફ દરમિયાન આર્સેનલના ખેલાડીઓએ અનેક આક્રમક પ્રયાસો કર્યા હતા પરંતુ વિરોધી ટીમના ગોલકીપર કોન્સ્ટેન્ટિનોસ ત્ઝોલાકીસે કેટલાક અદભુત બચાવ કરીને પોતાની ટીમને મેચમાં જીવંત રાખી હતી. મિકેલ આર્ટેટાના માર્ગદર્શન હેઠળ રમી રહેલી આર્સેનલની ટીમ પ્રથમ હાફમાં કોઈ સફળતા મેળવી શકી નહોતી અને સ્કોર શૂન્ય-શૂન્ય રહ્યો હતો.

બીજા હાફમાં આર્સેનલના ખેલાડીઓએ વધુ આક્રમક વલણ અપનાવ્યું હતું. રમતની ૭૨મી મિનિટે જમણી બાજુથી નોની માડુએકેએ એક જોરદાર શૉટ ફટકાર્યો હતો જેને ગોલકીપર ત્ઝોલાકીસે ડાયવ કરીને રોકવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ રિબાઉન્ડ થયેલા બોલ પર કેપ્ટન માર્ટિન ઓડેગાર્ડે સૌથી ઝડપથી પ્રતિક્રિયા આપીને ખૂબ જ ચતુરાઈપૂર્વક બોલને નેટમાં મોકલી આપ્યો હતો. આ એકમાત્ર ગોલ મેચનું પાસું બદલવા માટે પૂરતો સાબિત થયો હતો અને સ્ટેડિયમમાં હાજર હજારો પ્રશંસકો ઝૂમી ઉઠ્યા હતા. સમગ્ર મેચ દરમિયાન આર્સેનલનું પ્રભુત્વ સ્પષ્ટપણે જોવા મળ્યું હતું. અધિકૃત આંકડાઓ મુજબ આર્સેનલે ૬૬.૯ ટકા સમય સુધી બોલ પોતાના નિયંત્રણમાં રાખ્યો હતો અને કુલ ૨૧ શૉટ ફટકાર્યા હતા, જેમાંથી ૧૦ શૉટ ટાર્ગેટ પર હતા.

રેકોર્ડ // **ન્યૂઝીલેન્ડ સામે નંબર વન બેટ્સમેન બન્યો, શાનદાર પ્રદર્શનથી ક્રિકેટ જગતમાં રચ્યો ઇતિહાસ**

વેલિંગ્ટનમાં વિરાટ કોહલીએ રિકી પોન્ટિંગનો રેકોર્ડ તોડ્યો

(એજન્સી) વેલિંગ્ટન । તા. 08

ભારતીય ક્રિકેટ ટીમના અનુભવી ખેલાડી વિરાટ કોહલીએ શનિવારે વેલિંગ્ટન ખાતે રમાયેલી રોમાંચક મેચ દરમિયાન આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ઇતિહાસમાં એક અત્યંત ગૌરવપૂર્ણ અને ઐતિહાસિક સિદ્ધિ પોતાના નામે કરી છે. ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાયેલી આ બીજી વનડે મેચમાં કોહલીએ કીવી ટીમ સામે પોતાના કુલ રનની સંખ્યા ૧,૯૭૫ પર પહોંચાડી દીધી છે, જેનાથી તેણે ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ કેપ્ટન રિકી પોન્ટિંગના વર્ષો જૂના વર્લ્ડ રેકોર્ડને સત્તાવાર રીતે તોડી નાખ્યો છે. આ અદ્ભુત સફળતા મેળવવાની સાથે જ તે ન્યૂઝીલેન્ડ સામે વનડે ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવનાર વિશ્વનો નંબર-૧ બેટ્સમેન બની ગયો છે, જે સમગ્ર દેશ માટે ગર્વની ક્ષણ છે.

